ફ્રૉમ લંડન વિથ્ લવ

from London With Love

લંડન થી સ્નેહ–સભર સોગાત

ગઝલ–હઝલ–મુકતક

સિરાજ પટેલ ‘પગુથનવી‘

શું કહું છે કેટલી રંગીન મારી જિંદગી
ના, નથી પોકળ ઘણી સંગીન મારી જિંદગી
એટલી મીઠાશ છે ‘સિરાજ’ ના સંસારમાં;
હું નથી ફરહાદ પણ ‘શીરીન’ મારી જિંદગી

ધ્રુવા સત્ય સાથી---અહિંસા સુહાતી–નમન ધન્ય ગાંધી---ગિરા ગુજરાતી
સદા સૌમ્ય શી--- વૈભવે ઉભરાતી–મળી માતૃભાષા --- મને ગુજરાતી

ઉમાશંકર જોશી

શ્રી સિરાજ પટેલને ‘સંસ્કાર ગરિમા’ એવોર્ડ
શ્રી જશભાઇ સાહેબ અર્પણ કરી રહ્યા છે
વચમાં કવિશ્રી પંકજ વોરા

Photo courtesy - Gujarat Samachar & Asian Voice – London



Sanskar Garima Award
Gujarat Samachar & Asian Voice
London U.K.
7th August 2004

સંસ્કાર ગરિમા

7th Aug' 04

સંગ સંગ ભેરૂ, સર થાય મેરૂ

ગુર્જર અસ્મિતાના ગૌરવવંતા

શ્રી સિરાજ પટેલ (બોલ્ટન)

યુ. કે.ના સર્વપ્રથમ ગુજરાતી પાક્ષિક
'વીસમી સદી'(૧૯૬૮) ના સ્થાપક તંત્રી
તરીકે પત્રકાર ક્ષેત્રે,
BBC રેડિયો લેંકેશાયરના ગુજરાતી-હિંદી વિભાગના
નિયામક અને ઉદ્‌ઘોષક તરીકે સમૂહ માધ્યમ ક્ષેત્રે,
કોમ્યુનિટી રિલેશન્સ ઓફિસર તરીકે
સામાજિક ક્ષેત્રે, તથા ગુજરાતી રાઇટર્સ ગીલ્ડના
સહમંત્રી ને નોંધપાત્ર કવિ તરીકે સાહિત્યક્ષેત્રે
આપનું પ્રદાન ગૌરવપ્રદ રહ્યું છે.
ગુજરાતીભાષી પ્રજાની અનેકવિધ સ્તરે આપની સેવા
બહુમૂલ્ય છે ને ભાવિ વધુ ઉપકારક બની રહો

'સંસ્કાર ગરિમા'
આપનું અનેકવિધ સાંસ્કૃતિક
પ્રદાન માટે આપનું ગૌરવ કરે છે.

સી.બી.પટેલ
પ્રકાશક-તંત્રી

GUJARAT SAMACHAR & ASIAN VOICE
Karma Yoga House
12 Hoxton Market, London N1 6HW
Tel: 020 7749 4080 Fax: 020 7749 4081
Email: gseditorial@abplgroup.com

Siraj Patel interviewing Salman Khan –Bollywood star for BBC
Sound recording & Technical supervision - Riaz S. Patel

BBC programme - "MEHFIL" - Discussion before interview
Siraj Patel & Bappy Lahri (Music Director Bollywood Films)

BBC RADIO LANCASHIRE

Siraj Patel

The Voice Of The County
855kHZ/351mMW
and in North Lancashire
and the Fylde.
1557kHz/193mMW

ફ્રૉમ લંડન વિથ્ લવ

from London With Love

લંડન થી સ્નેહ–સભર સોગાત

ગઝલ – હઝલ –મુક્તક

‘ સિરાજ પટેલ ‘ પગુથનવી

Gazal-Hazal-Muktak

by Siraj Patel "Paguthanvi"

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮

પ્રકાશક

Mrs. Shirin Siraj Patel 'Paguthanvi'
92 Higher Swan Lane
Bolton - U.K.

Gujarati Typesetting
Siraj Patel 'Paguthanvi'

Artwork & Graphics
Nargisbanu & Zainulabedin
92 Higher Swan Lane
Bolton
United Kingdom
BL3 3AT

siraj_patel@ntlworld.com

Vali Ahmed Member 'Paguthanwala'
on his visit to U.K. in 1973
Addressing Gujarati Mushaira gathering
at the invitation of Gujarati Writers Guild
Venue:Troy Street Theatre Hall, Blackburn

****

અ ર્પ ણ

મર્હુમ વાલિદ–વાલિદા
જેમની યાદ સદા દિલમાં ઉભરતી રહે છે

મર્હુમ ફાતમા બહેન
જેમણે કુટુંબના ઉદ્દ્ધાર માટે જીવન સમર્પિત કર્યું

મર્હુમ દાદાબાજી અહમદ સુલેમાન
જેમણે મારા કોલેજ કાળ દરમ્યાન સાઉથ આફ્રિકાથી
ભણવાનો તમામ ખર્ચ પૂરો પાડયો
અને
મર્હુમ વલી અહમદ મેમ્બર પટેલ કુટુંબના તમામ સભ્યો

પરિચય

સિરાજ પટેલ (સિરાજુદીન વલી અહમદ મેમ્બર પગુથણવાલા)
જન્મ સ્થળ :ગામ-પગુથણ-તાલુકા-જીલ્લા :ભરૂચ-ગુજરાત-ઈન્ડિયા
Education :શિક્ષણ -બી.એ. (B.A. Degree - University of Bombay-India)
સન ૧૯૬૩ યુ.કે.માં આગમન -
૧૯૬૮ માં Blackburn-UK **ખાતે** Eastern Publications **ની સ્થાપના કરી યુ.કે. માં પ્રથમ ગુજરાતી મેગેઝીન /સમાચારપત્ર 'વીસમી સદી' ની શરૂઆત કરી.**
૧૯૭૧ માં બ્લેકબર્ન ખાતે Asstt. Community Relations Officer **તરીકે નિમણુંક.**

Tutor : Teaching Gujarati & Urdu to in service students -'Chorley College of further Education'–Chorley–Lancashire – UK

૧૯૭૧ માં ... બી.બી. સી. રેડિયો લેંકેશાયર (B.B.C. Radio Lancashire **) તરફથી ઉર્દુ -ગુજરાતી - હિંદી અને અંગ્રેજીમાં રેડિયો પ્રોગામ' મેહફિલ'**
'MEHFIL' i.e. get-together **પ્રસતુત કરવા માટે** BBC **તરફથી પ્રોગ્રામ પ્રેઝન્ટર અને પ્રોડયુસર તરીકે નિમણૂક થઈ.**

BBC **ની લગભગ ૨૦ વર્ષની સર્વિસ્ દરમ્યાન 'મેહફિલ' પ્રોગ્રામ દવારા નામાંકિત વ્યકિતઓ સાથે મુલાકાત તેમજ બી.બી.સી રેડિયો લેંન્કેશાયર પર તેમનું ઈન્ટરવ્યુ.**
આ વ્યકિતઓમાં સમાવેશ થાય છે :-
ખ્યાતનામ શાયર આદિલ મન્સૂરી
'ગુજરાત ટુડે' ના તંત્રી અઝિઝ ટંકારવી
ઈન્ડીઅન કિકેટ ટીમના માજી કેપ્ટન કપિલદેવ અને અઝહરૂદદીન
ઈન્ડીઅન વીમેન્સ કિકેટ ટીમના સભ્યો તથા કેપ્ટન મીસ ડાએના એડલજી
બોમ્બે બોલીવુડના ફિલ્મી અદાકારો સલમાન ખાન, રવિના ટંડન, ફિરોજખાન, સંજયદત્ત, અને મ્યુઝીક ડાયરેકટર બપ્પી લહેરી વગેરે વગેરે.

રેડિયો પ્રેઝન્ટર-પ્રોડયુસર તરીકે ' અદમ ટંકારવી' 'આદિલ મન્સુરી' 'કદમ' 'સુફી મનુબરી' 'મહેક ટંકારવી' 'અઝિઝ ટંકારવી' વગેરેને આમંત્રણ આપી ગુજરાતી મુશાયરાનું રેડિયોના માધ્યમ દવારા પ્રસારણ.

પાકિસ્તાનના પ્રખર શાએર'મોજ ફરાઝી'ના સહયોગથી બી.બી.સી રેડિયો લેંન્કેશાયર પર તેમનું ઈન્ટરવ્યુ અને ઉર્દુ મુશાયરાનું પ્રસારણ.

Siraj Patel Teaching Gujarati & Urdu - Chorley College-Lancs-UK

Siraj Patel Presents 'MEHFIL' BBC Radio Lancashire –UK

VISMEE SADEE

The Only Gujarati Fortnightly in
ENGLAND.

અંક–૧ ▪ વર્ષ–પહેલું

ગુજરાતી ભાષામાં પ્રગટ થનાર
પ્રથમ અને એકમાત્ર પખવાડિક

લવાજમના દર :

	પૌં. શિ. પેન્સ
વાર્ષિક	૧ – ૧૭ – ૬
છુટક નકલ	૦ – ૧ – ૬

એરમેલથી લવાજમના દર :

ભારત–પકિસ્તાન સઉદી અરબસ્તાન અમેરિકા, ઈરાન અને આફ્રિકા	વાર્ષિક પૌં. શિ. પે. ૪–૦–૦ છમાસિક ૨-૧૦–૦
જર્મની, ફ્રાંસ, ઈટાલી, હોલેન્ડ, બેલ્જીયમ અને યુરોપમાં.	વાર્ષિક પૌ. શિ. પે. ૨–૧૦–૦ છમાસિક ૧–૧૦–૦

પબ્લીશર્સ :
Eastern Publications

પ્રકાશન સ્થળ :
Eastern Publications
RICHMOND CHAMBERS,
RICHMOND TERRACE,
BLACKBURN (LANC'S)
ENGLAND.
Tel. : BLACKBURN–53057

સંપાદક : **એસ. પગુષનવી** બી. એ.
જનરલ મેનેજર : **એ. મુન્શી** બી. એ.

૧-૩-૧૯૬૮, મુ. તા. ૧-૧૨-૮૭
પા. રો. પ-૭-૩૭ આ. ત. ૨-૧૨-૮૭
ફાગણ સુદ-૨ સંવત ૨૦૨૪

સંપાદકની કલમે..........

"અદાજ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ"

—'ગની' દહીંવાલા

મારી શ્રદ્ધાનું ફળ 'વીસમી સદી' તમારી સામે છે, એ મારી મંઝિલ છે, મારા શ્રમની પૂર્તિ અને મારી જીવનમૂંડી છે.

છેલ્લા એક દાયકાથી ઈંગ્લેંડમાં આવી વસેલા ગુજરાતીઓ પોતાની ભાષાનું સમાચાર પત્ર વાંચવા તલસતા હતા, અને આજે એમની વર્ષોની ખેવના પૂરી થાય છે.

અત્યાર સુધી ભારત અને આફ્રિકા ખંડ પૂરતી મર્યાદિત રહેલી ગુજરાતી ભાષા આજે યુરોપમાં પ્રવેશ પામે છે અને "જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત"ની ઉક્તિને સાચી ઠેરવે છે.

આજ મારા, ગુજરાતના, અને ગુજરાતીઓના, આનંદનો દિવસ છે. મને મારી મંઝિલ, ગુજરાતને ભાષાનું ગૌરવ અને ગુજરાતીઓને પોતાની ભાષાનું સમાચાર પત્ર મળ્યાં છે. આજ "શું શા પૈસા ચાર" વાળી ઉક્તિ ખોટી ઠરે છે.

'વીસમી સદી' સામાન્ય શબ્દ પ્રયોગ છે અને એટલે જ લોકજીભે રમતું નામ રાખવામાં અમારો આશય લોક લાગણીને પ્રાધાન્ય આપવાનો છે. 'નવયુગ' કહેવાતા આજના સમયને અનુરૂપ થાય અને લોકો એને આવકારે એ હેતુ પણ લક્ષમાં રખાયો છે.

પખવાડિક હોવા છતાં પણ "વીસમી સદી"માં જેટલા મહત્વના સમાચારો હશે તે આવરી લેવાશે. ભારતના રાજકિય બનાવો સાથે ગુજરાતના આંતરિક બનાવોને ખાસ મહત્વ અપાશે. રાજકારણ અને ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી 'વીસમી સદી' તદ્દન નિષ્પક્ષ ભાગ ભજવશે.

સમાચારો ઉપરાંત માહિતી આપતા લેખો, વાર્તાઓ, ગઝલો, હઝલો, બીજાં કાવ્યો, સાથે હાસ્યરસિક ટૂચકાઓ પણ અપાશે. વાંચકોના વિચારો અને પ્રશ્નો પણ આવરી લેવાશે.

વીસમી સદીનું મુખ્ય આકર્ષણ 'સીને રસિકોની દુનિયા' હશે. એમાં ભારત, હોલીવુડ વગેરેની ફિલ્મો તથા સીને તારક–તારિકાઓ વિગતો આપવામાં આવશે.

વીસમી સદીમાં સ્ત્રી, પુરુષસમોવડી બની છે અને એટલે જ "વીસમી સદી"માં ખાસ સ્ત્રી વિભાગ રાખવામાં આવ્યો છે, જેમાં સ્ત્રીજીવનને લગતા પ્રશ્નો ચર્ચાશે.

સવાલ–જવાબ એ આજનું મહત્વનું અંગ છે અને એ લક્ષમાં લઈ "વીસમી સદી"માં સવાલ–જવાબ વિભાગ ઉમેરાયો છે.

આ બધું હોવા ઉપરાંત 'વીસમી સદી' ભારતિય સંસ્કૃતિનું, પ્રતિનિધિ બની રહેશે.

ટુંકમાં બિન–સાંપ્રદાયિકતા, નિષ્પક્ષપાત અને નવયુગની વિચારસરણીને અનુસરવાની અમારી મુખ્ય નીતી રહેશે.

પ્રથમ અંક આપને ચરણે ધરતાં હું તમામ શુભેચ્છકોનો આભાર માનું છું. એમના સાથ વગર "વીસમી સદી" પૂર્ણ થાત કે કેમ એ શંકા છે.

ગુજરાતીઓને મારે એટલુંજ કહેવાનું કે એક નવોઢાની જેમ આનંદમિશ્રિત સંકોચ લઈ "વીસમી સદી" પધારે છે, એને વધાવજો, એ તમારી શાન છે, ગુજરાતનું ગૌરવ છે અને ભારતની શોભા છે

The first Gujarati Fortnightly Published in the United Kingdom
By– Siraj Patel “Paguthanvi” 1st March 1968

તમે સામે રહો તો દિલની બે–ચાર વાત થઈ જાયે
હજારો તારલા ચમકે હસીન આ રાત થઈ જાયે
ઉઠાવો જો તમે પાંપણ તો ચમકે સૂર્ય ચારે કોર
ઝૂકાવી દો જો પાંપણ તો એ મધરાત થઈ જાયે

‘ સિરાજ પટેલ પગુથનવી ’

“Vismee Sadee” Published by Eastern Publications- Blackburn-Lanc’s UK
Editor — Siraj Patel “Paguthanvi”

બ્રિટનમાં ગુજરાતી પત્રકારત્વ

–શીરીન મહેતા અને મકરંદ મહેતા – ગુજરાત, ભારત

બ્રિટનમાં સૌ પ્રથમ અખબાર – સામયિક શરૂ કરનારા મુસ્લિમ બૌધ્ધિકો અને શ્રમજીવીઓ હતા. ત્યાર બાદ 'ગરવી ગુજરાત' જેવા બીજા અખબારો શરૂ થયાં હતાં.

બ્રિટનનું પ્રથમ સામયિક: '૨૦મી સદી '

'૨૦મી સદી' નામ વાંચતાં કેટલાક વાંચકોને નવાઇ લાગે કે આ નામ કેવી રીતે પડયું હશે ? આ શીર્ષક હેઠળ હાજી મહમદ અલારખિયા શિવજી નામના ખોજા સાહિત્યકારે ૧૯૧૬માં મુંબઇમાં માસિક શરૂ કર્યું હતું. કનૈયાલાલ મુનશી જેવા નવોદિત સાહિત્યકારો અને રવિશંકર રાવળ જેવા ઊગતા ચિત્રકારોએ તેમની કારકિર્દીની શરૂઆત આ સામયિકથી કરી હતી. 'મલયાનિલ'ની અમર વાર્તા 'ગોવાલણી' પણ સૌ પ્રથમ તેમાં પ્રગટ થઇ હતી.આવાં કારણોસર સિરાજ પટેલ અને અબ્દુલ્લાહ પટેલે બ્લેકબર્નથી ૧ માર્ચ ૧૯૬૮ના રોજ '૨૦મી સદી' પખવાડિક શરૂ કર્યું હતું.તેઓ ભરૂચ જિલ્લાના સુન્ની વહોરાઓ છે જે કાનમિયા પટેલ ખેડૂતો તરીકે પણ જાણીતા છે. ૧૯૬૦ના દાયકામાં કેટલાયે સુન્ની વહોરાઓ– કાનમિયા પટેલોએ વધુ સારી તકોનો લાભ લેવા તેમના ગામો છોડયા હતા અને બ્લેકબર્ન, પ્રેસ્ટન, બોલ્ટન, માન્ચેસ્ટર અને લિવરપુલ જેવા સ્થળોએ સ્થાયી થયા હતા. અંગ્રેજી ભાષાની ફાવટ નહીં, પણ તેથી શું ? ગુજરાતી ભાષા પ્રત્યે મહોબત હતી અને નવા વસાહતીઓની સંખ્યા પણ ઠીક ઠીક પ્રમાણમાં હતી. સિરાજ પટેલના પિતા સ્વાતંત્ર્ય સૈનિક હતા અને તેમણે આઝાદીની લડત વખતે 'ભરૂચ સમાચાર' માસિક શરૂ કર્યું હતું. સિરાજ પટેલે આ વારસો ઝીલ્યો હતો અને તેની સાથે તેમણે કે.સી. કોલેજમાં ભણીને મુંબઇ યુનીવર્સિટીની બી.એ.ની ડિગ્રી પણ હાંસલ કરી હતી.

'૨૦મી સદી' ના સચવાયેલા કેટલાક અંકો પરથી પ્રતીતિ થાય છે કે તે કોમી એખલાસ અને સમતાવાદી મૂલ્યોને વરેલું હતું. તેના સર્વ પ્રથમ અંકના મુખપૃષ્ઠ ઉપર લખ્યું છે: 'સમગ્ર યુરોપનું આ સૌ પ્રથમ પાક્ષિક માનવીય મુલ્યોને વરેલું છે.' તેમાંથી એથ્–નિક માઇનોરિટીઝની સમસ્યાઓ ઉપરાંત વિયેટનામ યુધ્ધે ઊભી કરેલી સમસ્યાઓના દિલધડક વર્ણનો પ્રાપ્ત થાય છે. પ્રખ્યાત સર્જન કિશ્ચિયન બર્નાડે આફ્રિકામાં કરેલ સફળ હાર્ટ–ટ્રાન્સપ્લાનટ જેવી રોમાંચક વિગતો પણ પ્રાપ્ત થાય છે. તેમાં એક કાનમિયા પટેલ દુકાનદારે પ્રગટ કરેલી નીચેની જાહેરાત સમજવા જેવી છે કારણ કે તે ભારતીય અને પાકિસ્તાની નવ્ય વસાહતોની ઊર્મિઓને વાચા આપે છે.

'ઇન્ડો – પાક ફૂડ સ્ટોર્સ : ગાંધી – કરિયાણા તથા ખાધ–ખોરાકીને લગતી સઘળી ચીજો ખરીદવાનું એક અજોડ સ્થળ. ઘરાકનો સંતોષ એજ અમારો નફો.'

તે સમયે જૂજ સંખ્યામાં વસેલા પાકિસ્તાની અને હિંદી મુસ્લિમો સમદુખિયા હતા. વિદેશમાં વસેલા આ આગંતુકોને વળી 'ઇન્ડિયન' શું અને 'પાકિસ્તાની' શું ?

'૨૦મી સદી' સુરતમાં કમ્પોઝ થતું અને બ્લેકબર્ન પાસે આવેલા ડારવિનમાં એની ૧૦૦૦ નકલો છપાતી. તે સાચેજ બ્રિટનનું એક તેજસ્વી અખબાર હતું. જાહેરાતોના અભાવને લીધે અને કમર તોડ નાંણાં ભીડને લીધે તે ભલે માંડ છ મહિના ચાલ્યું. આમ છતાં બ્રિટન અને યુરોપનું આ સૌ પ્રથમ અખબાર ભરૂચ જિલ્લાના મુસ્લિમ ગુજરાતીઓની શકિતઓનું ધોતક હતું.
(ઓપિનિયન ના સૌજન્યથી)

"From London With Love"
લંડન થી સ્નેહ–સભર સોગાત

Page

15 ગુજરાતી ગઝલ – Khalil Dhantejvi
18 ડાયાસ્પોરિક અન્વીક્ષણ - Adam Tankarvi
20 **પિપૂડીનો રણકાર** Aziz Tankarvi
22 સા તુ પરમ પ્રેમસ્વરુપા.. Dilip Gajjar
23 લંડન થી સ્નેહ–સભર સોગાત – Kadam
30 સંસ્કાર,સંસ્કૃતિ – Praful Amin
31 આસિમની ગઝલોમાં લીલાનું દર્દ - Mahek
33 લેંન્કેશાયરના શિરાઝી - Sufi Manubari
35 'Inspiration' - Aziz Zumla
37 દિલની વાત એટલે ગઝલ – Vinay Kavi
37 શાહીમાં ખુમાર લાવે છે – Pathik
38 Value of Gujarati - Imtiaz Patel
39 તમારો પ્યાર ચાહું છું – Siraj Patel
42 કાગળ કલમ રાખો હવે + English translation
44 કદી સુખ કદી દુ:ખ + English translation
46 સાર્થક બનાવી ગઈ + English translation
48 સાગરનો તાગ + English translation
50 બે–ચાર વાત થઈ જાયે + English translation
52 પ્રેમદ્રષ્ટિ જોઇને સજની + English translation
54 એ મીઠું દર્દ છે + English translation
56 દિલથી મળ્યું દિલ + English translation
58 આ ધરતી રડતી રહી + English translation
60 જિંદગી એક કૈદ છે + English translation
62 મદિરા લઈને આવ્યો છું + English translation
64 લ્યો, મણિબેન 'English' શીખવા જાય છે
66 કારમી ચીસોના પડઘા
67 સુરતમાં 'Plague' – પ્લેગ

Page

68 ઈંગ્લાંડમાં શાદીના મુક્તક
69 ટીમરૂ – આસેત્રી
70 પ્યાર જોવા દે
71 તડપ
72 ખુદ્દાર થઈને જીવો
73 ખુદ્દાર થઈને જીવો Urdu Version
74 દૂબળી એ ભેંસને ડોબું કદી કહેવાય ના
75 ઘોડે ચઢવા જાય છે
76 દર્દની આ જિંદગી ફાવી ગઇ
77 મહોબ્બત નથી રહી
78 સૂનામી – દરિયાઈ ધરતીકંપ - Tsunami
79 ઇન્સાનિયતનું પારખુ
80 પ્રેમની સમસ્યા–રસ્તા ઉપર આવવાનું નામ
81 પ્રેમ બંધન
82 દિલનો કરાર સમજો
83 પ્રેમિકા–પ્રેમ–વિહવળતા
84 ગઝલની અસર છે
85 જગતની વિવિધ ભાષાઓ
86 ચિત્ર દોરાતું નથી
87 મુક્તક
88 'ગુજલીશ' ગઝલથી રંગ લાવીશું
89 મીક્ષીંગ – Mixing - કાંઈ કહેવાતું નથી
90 મંથન
91 મુક્તક
92 ગુજરાતી ભાષા અને આપણી નવી પેઢી
99 Bollywood Stars & other photos
104 Photo – Bilingual Mushaira

For BBC Radio Lancashire programme "MEHFIL" Shirin Siraj Patel interviewing
Miss Diana Adelji-Captain of Indian Women's Cricket Team
And also talking to the Manager Indian Womens'Cricket Team

Shree Balvant Rai Jani-Vice Chancellor – Saurastra University – Gujarat – India
presents Souvenior to Mrs.Shirin Siraj Patel
92 Higher Swan Lane – Bolton – BL3 3AT – Lancashire – United Kingdom
L-to-R:- Siraj Patel,Praful Amin,Adam Ghodiwala,Jagdish Dave, Balwant Rai Jani
& Mrs. Shirin – Sunday 29 June 2008

અંગ્રેજોને અચંબિત કરતી ગુજરાતી ગઝલ અને સિરાજ પટેલ

By: Khalil Dhantejvi
— Poet,Writer,Film Director, Journalist
Baroda-Gujarat-India

વર્તમાન કવિઓના પૂર્વજો– જેમને ચિનુમોદી પોતડીદાસોના નામે સંબોધતા હતા,એવા તમામ કવિઓનું એક આખું લશ્કર ડાંગો પછાડતું ગઝલનો માર્ગ આંતરવા ઊભું હોવા છતાં ગઝલ ઉન્નત મસ્તકે ગુજરાતમાં પ્રવેશી ગઇ. એ પછી પણ એમનો ગઝલ પ્રત્યેનો આભડછેટ છૂટયો નહીં. એમનું આ સુગાળવાપણું પણ ગુજરાતી ગઝલને વિકસતી વિસ્તરતી અટકાવી શકયું નહીં. એમણે ઊભી કરેલી તમામ ઉબેટો ઓળંગીને ગઝલ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓનું પગેરૂં સુંઘતી ને શોધતી સીમાડા ઓળંગે છે.

જેમને ગઝલ પ્રત્યે સૂગ હતી એમાંના કેટલાકે ગઝલના ખભે ચડી જવાનું વિચાર્યું. પણ ગઝલ એ લોકોના હાથમાં ન આવી અને મહેક ટંકારવીની આંગળી ઝાલીને છેક યુ.કે.ના બોલ્ટનમાં વસતા સિરાજ પટેલ સુધી પહોંચે છે.'અદમ ટંકારવી' 'કદમ' અને 'સૂફી મનુબરી' વગેરે ભેગા મળી રીતસરખો ગઝલનો માંડવો જ તાણી બાંધે છે. 'દિપક બારડોલીકર'ની સહાનુભુતિ સાંપડે છે પછી તો હારૂન પટેલ, અહમદ ગુલ, બેદાર લાજપૂરી, સિરાજ પટેલ, પથિક સિતપોણવી, હસન ગોરા,માસૂમ કરોલીયા,સેવક આલીપૂરી, ઉપરાંત પ્રફુલ્લ અમીન જેવાઓને ગઝલપર્વનાં નોતરાં દેવાયાં.મુશાયરા યોજાયા. ઇબ્રાહીમભાઇ પાટલૂન, અહમદ પટેલ, જેવા, કવિઓને બિરદાવનારા રસકસવાળા ગઝલ ચાહકો ' તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈં ' કહેતાં શ્રોતાગણમાં ગોઠવાઇ ગયા.

અંગ્રેજોના મલકમાં જયાં બેચાર કવિઓ પબમાં[pub] ભેગા થઇને એકબીજાને પોતાની કવિતા સંભળાવતા હોય, જયાં કવિને પોતેજ વકતા ને પોતે જ શ્રોતા થવું પડતું હોય એવા અંગ્રેજોના મલકમાં ગુજરાતી મુશાયરા યોજાતા હોય, ગુજરાતી કવિઓને સાંભળવા ઉમટી પડતા શ્રોતાઓથી હોલ ચિકકાર થઇ જતો હોય, દાદના ઉદ્‌ગારો અને તાળીઓના ગડગડાટ હોલની દીવાલોને હચમચાવતા હોય તો એ જોઇને અંગ્રેજ કવિને અચંબો થાય એ સ્વાભાવિક છે.સન ૨૦૦૭માં મારી ઇન્ગલેન્ડની સફર દરમ્યાન બોલ્ટનમાં 'ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ'ના ઉપક્રમે આયોજિત એક મુશાયરામાં ચાર પાંચ અંગ્રેજ કવિઓને પણ ગિલ્ડ તરફથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. ચિકકાર શ્રોતાઓ સમક્ષ કવિતા રજુ કરવાનો એમના માટે આ પહેલવહેલો અવસર હતો. શ્રોતાઓએ અંગ્રેજ કવિઓને પણ મોકળા મને દાદ અ ને તાળીઓથી બિરદાવ્યા. અંગ્રેજ કવિઓ તો ગદ–ગદ થઇ ગયા. બે દિવસ સુધી મહેક ટંકારવીને ઇમેલ [E-mail] પર કહેતા રહ્યા– *'આમ લોકો અને કવિઓને આ રીતે પરસ્પર ઓતપ્રોત થતાં અમે પહેલીવાર જોયું.'* અને આપણી મુશાયરાની પરંપરા ને વખાણી. આમ ગુજરાતી ગઝલે વિદેશોમાં પણ પોતાની હાજરી અને હયાતી પુરવાર કરી આપી છે.

અંગ્રેજોના દેશમાં ગુજરાતી ગઝલના ડંકા વગાડનાર ખમતીધરોમાં નવા નવા નામ ઉમેરાતા જાય છે. એમાં 'ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ' ના મહામંત્રી સિરાઝ પટેલ પણ અદમ, કદમ અને મહેકના સથવારે આપણને એક ગઝલસંગ્રહ આપે છે. સિરાજ પટેલની ગઝલમાં રોમાન્સ, વ્યંગ અને કટાક્ષ છે. તૂટતા– વેરવિખેર થતા સંબંધોની વેદના સાથે વર્તમાન રહેણીકરણીની અસરકારકતાથી પણ એ ગઝલને વિમુખ રાખી શક્યા નથી. એમના જીવનસાથી શીરીનને ગઝલના મકતામાં પોતાની પડખે રાખવાનો એક નવો શિરસ્તો પણ એમણે ઊભો કર્યો છે. એક મિસ્ટર અને મિસીસ નો સહિયારો મકતા જોઇએ:–

'કહી દઉં અંતે હું 'સિરાઝ' મારી પ્રેમિકાને કે,
હવે આ જિન્દગી મારી ઘણી 'શીરીન' લાગે છે '

શીરીનનો અર્થ મીઠાશ છે. શીરીનને પ્રાપ્ત કર્યા પછીની જિન્દગી મીઠડી લાગતી હોવાથી સુખી દાંપત્યની સાક્ષી પૂરે છે. સુખનું ગાણું ગાતા સિરાજ પટેલ દુ:ખનાય સ્વાગત માટે બારણાં ઉઘાડાં રાખે છે–

'કહી દો ગમોનાં એ વાદળને સિરાઝ
જયાં આવી ને થોભ્યાં તે મારૂં જ ઘર છે '

સિરાજ પટેલ વતનથી દૂર ઇંગ્લેન્ડમાં રહેતા હોવા છતાં ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિ અને પૂર્વજોની મર્યાદા– *આંગણામાં જતી છોકરીના માથે ઓઢણી નાખી નીચી નજર રાખવાનો આદેશ દેતી હતી તે ભૂલ્યા નથી.* અંગ્રેજોની ધરતી પર એવાજ આદેશ એમના શેરમાં રેલાય છે:–

'આપ પર યૌવન નિછાવર થઇ ગયું
આંખમાં લજજા શરમ રાખો હવે '

શાંત અને સુખી જીવન માટે સહિષ્ણુતાને અનિવાર્ય ગણતા સિરાજ પટેલ હિંસા છોડી અમન કેળવવાની વાત કરે છે. હાથમાં હથિયાર રાખશો તો કયારેક કોઇના પર વાર કરી બેસશો. હથિયાર કરતાં કલમ વધુ અસરકારક હોવાનું સિરાજ સ્વીકારે છે–

'તીર ભાલા ફેંકી દો ખંજર અને–
હાથમાં કાગળ કલમ રાખો હવે '

ઉલા મિશ્રાના શબ્દ પ્રયોજનમાં ઉન્માદીપણું નિવારી શકાયું હોત તો આ એક ઉમદા શેઅર બની શકયો હોત. સિરાજ પટેલ પોતાની ઊણપનો આ રીતે સ્વીકાર પણ કરે છે:–

'ખબર છે મને મારી કમજોરીઓની
હું પોતેજ તમને જણાવી શકું છું ! '

લોકોને પારકી ઉણપો જ શોધવામાં રસ હોય છે. કાણી આંખવાળો બાડી આંખને મ્હેણું મારી જાય એવું પણ બને, ચાયણી સોયને ઠપકારે– તારા માથામાં તો છિદ્ર છે ! નમાઝ કાયમ કરવાનો ઉપદેશ આપનાર મોલવી સાહેબ નમાઝ કઝા કરીને સિનેમા જોવા જાય ત્યારે ચાયણી સોયને ચીડવતી હોય એવું લાગે.

'મોલવી સાહેબ પણ અહીં એટલા સુધરી ગયા
દીકરીને દહેજમાં એ વિડીયો આપી ગયા '

આ સુધરી જવાનું કહેવામાં ઘણું બધું કહેવાય જાય છે. સિરાજનો આ શીરીન કટાક્ષ જ છે પણ અહિં સાંભળે છે કોણ ?

'સિરાઝ પીપૂડી વગાડે એકતાની રોજ પણ
એ તો ગાજરની પીપૂડી કોઇને સંભળાયના '

પીપૂડી જ નહીં, હવે તો કોઇના નિસાસા અને કોઇનાં ડૂસકાં સાંભળનાર કોઇ દેખાતું નથી. માનવધર્મનો સદંતર લોપ વર્તાય છે. ધર્માંધતામાં સમગ્ર માનવતા રૂંધાયા કરે છે. સિરાજ કહે છે:–

'ધર્મ ને જાતિના નામે ખૂનામરકી થાય છે
માનવીના હાથે આજે માનવી વીંધાય છે '

આવી આંતરિક વેદનાઓ સહન કરતાં કરતાં પણ ત્યાંની રીતરસમ મુજબ ગોઠવાઇ જતી પોતાની ગૃહવ્યવસ્થા પર હસી લેવાનું એ ચૂકતા નથી–

'વાસી ખાવાની પ્રથા એવી પ્રચલિત થઇ ગઇ
દેશની જેમ રોજ તાજું અહીં તો રંધાતું નથી '

ભારતમાં આવા વાસીપણાને ફુવડતા કહેવાય છે. પણ હવે એ ઇન્ગલેન્ડમાં રહે છે, તેનો એમને એહસાસ છે અને એટલે પોતાની આ મજબુરીની પણ મજાક ઉડાવે છે. આ સમગ્ર વ્યથા સિરાજ પટેલ પોતાના એક મત્લામાં વ્યકત કરે છે.આમાં કાફિયા ની પણ રમઝટ છે–

'તડપી રહી છે યાદો ભીંજાય આંખડી છે
મારી ગઝલની આ તો નાજુક– શી કડી છે '

આ પછીના એમના આગામી ગઝલસંગ્રહમાં ખંતીલી માવજત વર્તાશે એવી આશા સાથે ભાઇ સિરાજ પટેલને ખૂબ ખૂબ અભિનંદન અને સાથે સાથે યુ.કે.ની ધરતી પર ગઝલનો ઝંડો લહેરાવતા તમામ અલમદારોને–કવિ મિત્રોને– ગઝલ ચાહકોને મારા અંતઃકરણ પૂર્વકના સલામ.

પટેલ ફળિયા નં.૧
યાકુતપુરા–વડોદરા ૩૯૦ ૦૦૬ –ખલીલ ધનતેજવી
India

ડાયાસ્પોરિક અન્વીક્ષણ

By: Dr.Adam Tankarvi

સિરાજ પટેલ નાં કાવ્યોમાં બ્રિટનના ગુજરાતી સમાજનું સંવેદન આવિર્ભૂત થાય છે. આ સ્વાભાવિક છે કેમકે, આ કવિએ બ્રિટનની ગુજરાતી વસાહતના આરંભકાળથી આજ પર્યન્ત આ ચેતનાને સંવેદી પોતાની ગઝલો, હઝલો, મુકતકોમાં વ્યકત કરવાની ખેવના રાખી છે. સિરાજ પટેલ ૧૯૬૩ માં બ્રિટનસ્થિત થયા. અહીંનું વાતાવરણ જોઈ એમને પ્રતીતિ થઈ કે, યુ.કે.માં આપણી ભાષાનું જતન કરવું એ મોટું આહ્‌વાન છે. પ્રતિકૂળ સંજોગોમાં સિરાજ પટેલ આ ભગીરથ કાર્ય માટે પ્રવૃત્ત થયા. ૧૯૬૮માં તેમણે 'વીસમી સદી'પાક્ષિક પ્રકાશિત કર્યું. યુ.કે.નું આ પ્રથમ ગુજરાતી સામયિક.બ્રિટનના ગુજરાતી પત્રકારત્વ નું આ આરમ્ભબિંદુ. તે પછી બી.બી.સી. રેડિયો લેંન્કેશાયરના ગુજરાતી–હિન્દી વિભાગના નિયામક અને ઉદઘોષક તરીકે, કમ્યુનિટી રિલેશન્સ ઓફિસર તરીકે, ચૉરલી કોલેજના ટયુટર તરીકે, ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ–યુ.કે ના સહમંત્રી અને મહામંત્રી તરીકે સિરાજ પટેલ બ્રિટનમાં ગુજરાતી ભાષા–સાહિત્યના પ્રસારમાં સક્રિય રહ્યા. ભાષાપ્રીતિ અને વ્યકત થવાની અભીપ્સાને લીધે એમની સર્જન પ્રવૃત્તિ પણ સતત ચાલતી રહી.

સદભાગ્યે સિરાજ પટેલનાં જીવનસંગિની શીરીનબેનને પણ કવિતામાં રસરૂચિ. આમ, શીરીનબેનનો પ્રતિભાવ અને યુ.કે.માં યોજાતા મુશાયરાઓને પરિણામે સિરાજ ભાઈની સર્જનશીલતાને વેગ મળ્યો. યુ.કે.માં ગુજરાતી શબ્દ સાથેના સાયુજ્યની ફળશ્રુતિરૂપે આ સંગ્રહ ઉપલબ્ધ થાય છે.

સિરાજ પટેલની ગઝલોના ભાવવિશ્વના કેન્દ્રસ્થાને *પ્રણય* છે. બ્રિટનના વ્યકિતવાદી સમાજમાં માનવ સંબંધોની ઉષ્મા નથી. તપ્ત રણ વર્ષાના અમીછાંટણા ઝંખે તેમ કવિ કહે છે:

' અગર આપી શકો તો આપનો સહકાર ચાહું છું
અહીંના શુષ્ક જીવનમાં તમારો પ્યાર ચાહું છું '

શુષ્ક શબ્દ અહીંના boredom–કંટાળો અને alienation-વિચ્છિન્નતાનો સંકેત કરે છે. *'આ વાદ્યને કરૂણ ગાન વિશેષ ભાવે'* ની જેમ સિરાજ પણ પ્રણયના દર્દની વાત કરે છે. અને *'એ મીઠું દર્દ છે એનું મલમ કયાંથી હું લાવી દઉં'* એવી મૂંઝવણ વ્યકત કરે છે. કવિ અહર્નિશ પ્રિયાના વિચારોમાં રહે છે અને *' મને પાગલ બનાવી ગઈ '* કહી પ્રેમ પંથે દીવાનગીનો મહિમા કરે છે.

આ ગઝલોમાં પ્રણય સાથે તદ્‌જન્ય ભાવોદ્રેક વ્યકત થાય છે. *'વિરહની વેદના આપી ગયાં' 'એમના એક જ ઈશારે હું તો ઘાયલ થઈ ગયો' 'દિલના જખ્મ,' 'લોહીનાં અશ્રુ,' 'દિલની આહ'* આદિ પંકિતઓમાં પ્રેમીની પરવશતા પ્રતિબિંબિત થાય છે. કવિ, પ્રેમી અને પ્રેયસીના સંબંધ ને જયોતિ અને દીપકના કલ્પન દવારા વ્યકત કરે છે:

' બની છે જયોતિ મુજ સજની બનાવીને મને દીપક
અમાવાસ્યાની કાળી રાતથી પણ એ નથી ડરતાં '

પ્રેયસી સંદર્ભે કવિ પ્રકૃતિનાં તત્વોનો વિનિયોગ કરે છે. અહીં *'જોબનનું ફૂલ' 'પ્રેમનું મધુવન'* અને નજરમાં *' ઓસનાં બિંદુ '* છે.
કેટલીક રચનાઓમાં કવિનું જીવનદર્શન પ્રગટ થાય છે. સંસારના કારાગારમાં જિન્દગી કેદ છે. માણસની ઝંખનાઓ એનાં બંધન બને છે. આ માયાને લીધે માણસ ફાની–નશ્વર જિન્દગીને શાશ્વત ગણે છે. આ નિરર્થક જીવનને સાર્થક બનાવનાર સંજીવની તે *પ્રેમ.*

' નિરર્થક મારા જીવનને હવે સાર્થક બનાવી ગઈ '

અને કવિ કહે છે કે, આદયાત્મિક પ્રેમ – ઈશ્કે હકીકીની અનુભૂતિ માટેનો માર્ગ તે સૂફી સંતની સંગતઃ

' સંગત કરી લે સિરાજ સૂફી ને સંતની તું
જીવન છે સાવ ટૂંકું અણમોલ આ ઘડી છે '

આ સંગ્રહની અનેક રચનાઓમાં બ્રિટિશ સમાજ પ્રતિબિંબિત થાય છે. *'જીવન હસતાં હસતાં વીતાવીશું'* માં અહીંના ગુજરાતી કવિઓની લાક્ષણિકતા પ્રગટ થાય છે. ભારતથી આયાત કરેલી કેરીની વાત સાથે ક્યારેક વિમાનમાર્ગે ત્યાંથી બ્રિટન આવનાર પ્રવાસી પ્લેગ લઈ આવે એવો ડર પણ રહે છે, તેનું રમૂજી વર્ણન હઝલમાં મળે છે. વસાહતીઓ ભારતમાં જે જીવન જીવતા અને યુ.કે.માં જે જીવે છે તેમાં ટીમરૂ ની બીડી અને રોથમેન્સ સિગરેટ જેટલો તફાવત છે. આર્થિક સમૃધ્ધિ ને કારણે એશિયનો બેફામ ખર્ચ કરે છે તેની વાત કવિ મુક્તકોમાં કરે છે. હવે યુ.કે.ના નાગરિકત્વ માટે અંગ્રેજીની કસોટીમાં ઉત્તીર્ણ થવાનું ફરજિયાત છે. પાકટ વયે મણિબેન ઈંગ્લિશ શીખવા જાય છે તેની વિટંબણાની વાત એક હઝલમાં હળવી શૈલીમાં કહેવાય છેઃ

' What ' માં ને 'Why' માં ગુંચવાય છે
લ્યો, મણિબેન 'Englih' શીખવા જાય છે '

કવિ સિરાજની અભિવ્યક્તિ સીધી, સરળ, સોંસરી છે. એમાં પ્રતીક, કલ્પન, અલંકાર, શબ્દક્રીડા આદિ ઉપકરણો ઝાઝાં નથી. અલબત્ત, કવિ પ્રાકૃતિક તત્વો અને મધુર વાણી પ્રયોજે છે.

' ગઝલ સિરાજ હંમેશાં લખે શીરીન શબ્દોથી
સુરમ્ય તાઝગી વાળા બીજા શબ્દો નથી મળતા'

સંગ્રહની મોટાભાગની કૃતિઓ બ્રિટનમાં યોજાતા મુશાયરાઓ નિમિત્તે લખાઈ છે. આ પ્રકારની રચનાઓમાં કાવ્યત્વ સિધ્ધ કરવા ઉપરાંત પ્રત્યાયનક્ષમતાનો હેતુ પણ હોય છે. કવિ કહે છેઃ

' અવનવી કોઈ ગઝલ સંભળાવીને
સિરાજ મહેફિલને ગરમ રાખો હવે '



બ્રિટનની મુશાયરા મહેફિલોને ગરમ રાખનાર આ ગઝલો વાંચકોને પણ આસ્વાદ્ય લાગશે એવી અપેક્ષા.
અદમ ટંકારવી
બોલ્ટન, યુ.કે.
જુલાઈ ૨૦૦૮

સિરાજભાઈ, સર્જકની પિપૂડીનો રણકાર
દસે દિશાએ પહોંચે જ

અઝીઝ ટંકારવી તંત્રી : ગુજરાત ટુડે (દૈનિક)

ઓગણીસો ચોર્યાસીની એક સવારે બ્લેકબર્નમાં મારી બહેનના ઘરે ફોન રણકયો, જેમાં સામે છેડે સુમધુર કર્ણ- પ્રિય અવાજમાં બીબીસીની 'મહેફિલ'માં પ્રોગ્રામ પ્રેઝન્ટર અને પ્રોડયુસર સિરાજપટેલ તરફથી મને ઈજન મળ્યું; ને પછી તો શેરો-શાયરી, વાર્તા, સાહિત્યની વાતો ચાલી. તે વેળા જ હસમુખો સ્વભાવ ધરાવતા સિરાજ પટેલની શાયરીનોય પરિચય થયો.

એમની કૃતિઓમાં કેટલો જુસ્સો છે તે એક શે'રથી ભાવક જાણી જશે.

કિરણોની સાથ સાથ આ મસ્તક નહીં ફરે
સૂરજ સ્વયં છીએ અમે સૂરજમુખી નથી

ઈંગ્લેન્ડની ધરતી પર ૧૯૬૩થી તેઓ વસવાટ કરે છે. આર્થિકઉપાર્જન અને સાહિત્યની પ્રવૃત્તિ આમ બે ઘોડે અસવાર રહીને તેમણે'વીસમી સદી'ની શરૂઆત કરેલી. વિદેશની ધરતી પર વતનથી હજારો માઈલ દૂર વસીને આ રીતે ગુજરાતી ભાષાને લાડ લડાવવા કેટલું કપરું કામ છે એ તો જેમણે એ વાટ પકડી હોય એ જ જાણે.

સતત વીસ વરસ સુધી બીબીસીના 'મહેફિલ' પ્રોગ્રામમાં તેમણે ક્રિકેટર કપિલ દેવ, અઝહરૂદ્દીન, વિમેન્સ ક્રિકેટના સભ્યો તથા કેપ્ટનમીસ ડાએના એડલજીથી લઈ વિશ્વભરના ગુજરાતીઓમાં ખ્યાતશાયર આદિલ મન્સૂરી, અદમ ટંકારવી, અને આ લખનાર તથા બોલીવુડના ફિલ્મી અદાકારો સલમાનખાન, રવીના ટંડન, ફિરોઝખાન, સંજય દત્ત અને મ્યુઝિક ડાયરેકટર બપ્પી લહેરી જેવી અનેક નામાંકિત હસ્તીઓની 'મહેફિલ'માં મુલાકાત રજૂ કરી ચૂકયા છે. તો સ્થાનિક શાયરો 'કદમ', 'સુફી' મનુબરી, મહેક ટંકારવી જેવા શાયરોને આમંત્રણ આપી ગુજરાતી મુશાયરાનું રેડિયોના માધ્યમ દ્વારા પ્રસારણ કરતા રહયા છે. જેમાં ઉપખંડના પાક.ના ખ્યાત શાયર મર્હૂમ મોજ ફરાઝીના સહયોગથી બીબીસી રેડિયો લેંકેશાયર પર તેમનું ઈન્ટરવ્યુ અને ઉર્દૂ મુશાયરાનું પ્રસારણ કરેલું.

પણ આ તો થઈ તેમની બીબીસી સાથેના સંભારણાની વાત.મૂળે કવિ જીવ એવા સિરાજભાઈ તેમના કર્ણપ્રિય અવાજમાં કૃતિ રજૂ કરે એટલે 'વાહ વાહ' અને 'દોબારા'ની

તેઓ ફકત ગઝલ નહીં, હઝલ અને ઉમદા મુકતકોથી પણ શ્રોતાઓને પોતાની કૃતિમાં રસતરબોળ કરતા રહે છે.

એમની કૃતિઓમાંથી કેટલાક અશ્આરો માણીએ :

સ્નેહ સંબંધના તાંતણે જોડાયેલા રહેવા માટે આ રીતે આહ્‌વાન આપે છે :

સ્નેહ – સંબંધ જાળવી રાખો હવે
દંભ છોડો દિલ નરમ રાખો હવે
ઠોકરો છે જિંદગી ની રાહમાં
ફૂંકી ફૂંકી ને કદમ રાખો હવે

માનવીના આ ધરતી પરના આગમનથી લઈ આજ સુધી એકતા માટે વાતો તો ઘણી થઈ; પણ કાર્યના નામે નક્કર કામ બહુ ઓછું થયું છે. કંઈક એવી જ ફરિયાદ સિરાજ પટેલ આ રીતે કરે છે :

'સિરાજ' પિપૂડી વગાડે એકતાની રોજ પણ
એ તો ગાજરની છે તેથી કોઈને સંભળાય ના

ખોટા રસ્મો- રિવાજમાં ગળાડૂબ લોકોને હઝલકાર ન ટપારે એ બને જ કેમ ? સિરાજભાઈ એટલે તો કહે છે-

અમે તો લાલ ને પીળા બધે ફુગ્ગા ઉડાડીશું
પછી વરરાજાને મોટા મહારાજા બનાવીશું
ભલે સુદાનમાં ભૂખે મરે લોકો, અમારે શું ?
અમે તો દેગો ને દેગો અહીં ડસ્ટબીનમાં નાંખીશું

દરેકને પોતાનું વહાલું વતન, અમન અને સુખચેનમાં રહે એવી ઉમ્મીદ હોય છે. સર્જક એમાં બાકાત શી રીતે હોઈ શકે ?

પ્રેમ ને વહેવારની વાતો હવે કયારે થશે ?
શી ખબર આબાદ આ ઉજ્જડ ચમન કયારે થશે.

'ભલું થયું ભાંગી જંજાળ'ની જેમ સિરાજ પટેલ પણ સર્વ દુઃખોથી છૂટકારો કઈ રીતે મળી શકશે તે એક શે'રમાં આ રીતે વ્યકત કરે છે :

મળશે તો ચૈન કઈ રીતે મળશે કહો 'સિરાજ'
દુનિયાના ઝંઝાવાતથી છૂટી ગયા વિના

ઝંઝાવતથી છૂટવાના યત્નોની વાત આદિલ મન્સૂરી આ રીતે કરેછે :

દીવાલ તોડી મુક્તિનો અજવાસ પામવા
પડછાયા સાથ કરતો રહું છું વિમર્શ પણ

ઉર્દૂના ખ્યાત શાયર શમ્સ સૂરતી કહે છે :

લોગ ભી અપને મકાનો મેં નહીં હૈ શાયદ
જબ ભી ઈન્સાનકો આવાઝ દી સાયે આયે
આઓ દિખલાઉં તુમ્હેં એક મુસબ્બીરકા કમાલ
સામને ફૂલ થે તસવીર મેં કાંટે આયે

સર્જક જાત સાથે વાત કરતાં એના અંતરની વેદના સાવ સહજતાથી મૂકી ભાવકને તેમાં તરબોળ કરી દે છે. એટલે એના અવાજનો રણકાર ચોતરફ ફેલાઈ જવાની તાકાત ધરાવે છે.ભાઈ, સિરાજ પટેલના સંગ્રહ **ફ્રૉમ લંડન વિથ્ લવ** ને આવકાર અને દિલપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

Siraj Patel & Aziz Tankarvi at BBC

શાહઆલમ,
અમદાવાદ-૨૮
તા.૨ સપ્ટેમ્બર, ૦૮

અઝીઝ ટંકારવી
તંત્રી : ગુજરાત ટુડે (દૈનિક)

સા તુ પરમ પ્રેમસ્વરુપા....

પ્રેમ નૌકા પ્રેમ સુકાની પ્રેમ સાગર પ્રેમ કિનારો
પ્રેમ પર સૃષ્ટિ નો પાયો પ્રેમ ઈશ્વરને પ્યારો

કવિ મિત્ર, સિરાજભાઈના મુક્તકની ઉપરોક્ત પંક્તિ વાંચીને ભગવદ્ભક્તિરસાયનનું સૂત્ર, સા તુ પરમ પ્રેમસ્વરુપા અમૃતસ્વરપા ચ, શીઘ્ર યાદ આવી જાય છે. દેશ કાળ સમયની સીમા તોડી કવિની મહામૂલી કાવ્યાનુભૂતિ અભિવ્યક્ત થઈ જાય છે પછી તે પગુથણમાં હોય કે બોલ્ટનમાં, વીસમી સદીમા કે પછી એકવીસમી સદીમાં પણ પાંચ દાયકા સુધીની તેમની સાહિત્યસફર લંડનમાં રહી વિકસી હોઈ જ વિશ્વ તરફ આજે તેમનું ગઝલ હઝલ મુક્તકનું પુસ્તક ફ્રૉમ લંડન વિથ લવ,નું નઝરાણું સિરાજ પ્રસ્તૂત કરવા જાય છે ત્યારે આનંદથી આવકારું છું. આ અવસરે એક રચનાથી નવાજુ છું,...

રાઝ જે જોઈ શકે સિરાજ છે
ખાનગી ક્યાં તેનું કોઈ કાજ છે ?

Only those who see invisible can do the impossible !

તેમની રચનામાં ગુજરાતની ગરિમા છે પ્રેમનો પમરાટ છે, એક્તાની આરાધના, મા નવતાના મૂલ્યો અને સંસ્કૃતિની સંભાળ છે. વિદેશમાં વસીને પણ સ્વદેશની સુગંધ, ગઝલનું ગાંભિર્ય અને હઝલની હળવાશ, યુક્ત છતાં મુક્ત મનથી રચાયેલાં મુક્તકો છે તેમનો આ સંગ્રહ સર્વ સુધી પ્રસરે તે જ અંતરની અભ્યર્થના.

દિલીપ ગજ્જર, લેસ્ટર, તા.૨.૯.૨૦૦૮

‘સિરાજ’પટેલ
પગુથનવીની
લંડન થી સ્નેહ–સભર સોગાત
From London With Love

By:Kamal Patel “ KADAM “

સાત સમંદર પારનું ગઝલ – હઝલ વૃત્તાંત
ફ્રૉમ લંડન વિથ્ લવ : સ્નેહ–સભર સોગાત
–કદમ

‘સિરાજ’મૂળ અરબી શબ્દ છે.જેનો અર્થ છે ‘દીપ’. દીપ,––દીવો દરેક પ્રકારે પ્રકાશ આપે છે, તેમ સિરાજ પટેલ, પ્રથમ સાહિત્ય–રસિક, પછી પત્રકાર અને હવે શાયર તરીકે ‘ફ્રૉમ લંડન વિથ્ લવ’ *From London With Love* કાવ્ય–રચનાઓ લઇ બ્રિટનના સાહિત્ય–વર્તુળને પોતાનો પરિચય કરાવવા ઉપસ્થિત થયા છે.

સન ૧૯૬૮માં જયારે બ્રિટનમાં ગુજરાતી છાપકામની સંતોષકારક સગવડ ઉપલબ્ધ ન હતી ત્યારે, અને અગાઉ એમના એક મિત્ર અબ્દુલ્લાહ આઝાદ પટેલ પ્રેસ્ટનથી ‘આઝાદ’ નામનું ગુજરાતી અઠવાડિક પ્રગટ કરવાની કેવળ જાહેરાત કરીને બેસી ગયા હતા એ જાણતા હોવા છતાં સિરાજ પટેલે બ્લેકબર્નથી ‘વીસમી સદી’ નામનું ગુજરાતી પખવાડિક પ્રસિધ્ધ કરવાનું સાહસ કર્યું હતું.

સન ૧૯૭૧માં લેન્કેશાયરના બ્લેકબર્ન ટાઉનમાં કોમ્યુનીટી રિલેશન્સ ઓફિસમાં જનાબ સિરાજ પટેલની આસિસ્ટન્ટ કોમ્યુનીટી રિલેશન્સ ઓફિસર તરીકે નિમણૂક થઇ ત્યારે જોગાનજોગ એજ વરસે બ્લેકબર્ન નજીક આવેલા પ્રેસ્ટન ટાઉનમાં અમે ‘ગુજરાતી સાહિત્યકાર મંડળ’ની સ્થાપના કરી. સન ૧૯૭૩માં આ મંડળનું ‘*Gujarati Writes' Guild-UK*‘. ‘ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ’, યુ.કે. નામથી રૂપાંતર થયું.

ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ,યુ.કે.ની પ્રારંભિક પ્રવૃત્તિઓ, કવિ સંમેલન, અને ગુજરાતી મુશાયરાના આયોજનમાં કોમ્યુનીટી રિલેશન્સ ઓફિસના મદદનીશ અધિકારી તરીકે જનાબ સિરાજ પટેલે ગિલ્ડને ઘણો સહકાર આપ્યો છે. સિરાજ પટેલ બી.બી.સી. રેડિયો લેન્કેશાયર [B.B.C. Radio Lancashire] સાથે પણ સંકળાયેલા હતા અને રેડિયો લેન્કેશાયર સ્ટેશનથી દર શનિવારે ‘મહેફિલ’ નામના ગીત–સંગીતના ઉર્દુ–ગુજરાતી કાર્યક્રમનું પ્રસારણ કરતા હતા, ત્યારે પણ ‘ગિલ્ડ’ના મુશાયરા અને અન્ય કાર્યક્રમોની જાહેરાત ઉપરાંત સ્થાનિક અને દેશ–પરદેશથી પ્રવાસે આવતા કલાકારો, લેખકો અને કવિઓ–શાયરો સાથે વાર્તાલાપ અને મુલાકાતો યોજીને બી.બી.સી. રેડિયો લેન્કેશાયર સ્ટેશનથી જીવંત પ્રસારણ કરતા.

સિરાજ પટેલ સહિત ગુજરાતી રાઇટર્સ ગિલ્ડના શરૂઆતના કાર્યક્રમોને સફળ બનાવવા ઇન્ડિયન વરકર્સ એસોસીએશન બ્લેકબર્નના શરૂમાં મુખ્ય-મંત્રી અને પાછળથી પ્રમુખપદે રહેલા જ.આદમ એચ.પટેલ, બોલ્ટનના જ. હારૂન પટેલ અને તેમના ચિરંજીવી જ. અનીસ (દાનીશ) પટેલ ગુજરાતી રાઇટર્સ ગિલ્ડને સહકાર આપ તા આવ્યા છે.
સિરાજ પટેલ, બ્લેકબર્નથી બોલ્ટન ટાઉનમાં સ્થળાંતર કરી ત્યાં સ્થિત થયા ત્યાર બાદ બ્લેકબર્ન આર્ટસ અને મ્યુઝિયમના નવયુવાન સહાયક નિયામક જ.ઇમ્તિયાઝ પટેલે પણ ગિલ્ડની મુશાયરા પ્રવુત્તિઓ ઉપરાંત લલિત કલાના અનેક કાર્યક્રમો આયોજી એશિયન વસાહતીઓની નોંધપાત્ર સેવા બજાવી છે. જ.સિરાજ પટેલ અને જ.ઇમ્તિયાઝ પટેલ બંને સારા વકતા પણ છે.

સિરાજ પટેલના પિતા, વલી અહમદ પટેલ પણ પ્રખર વકતા હતા. હાજી ઉમરજી મુસા ભરૂચાના ચૂંટણી-પ્રચાર અર્થે ટંકારીઆ આવેલા ત્યારે કિશોરવયમાં મેં તેમને સાંભળેલા જેના સંસ્મરણો હજી યાદ છે. ત્યાર પછી ૧૯૭૩માં યુ.કે. પ્રવાસે આવેલા ત્યારે બ્લેકબર્નમાં યોજાયેલા ઉર્દુ-ગુજરાતી મુશાયરામાં નબી પ્રશસ્તિ (નઅત) રજૂ કરતાં સાંભળવાની તક મળી હતી. સિરાજ પટેલને પણ અસરકારક રજૂઆતનો ગુણ વારસામાં મળેલો છે.

ગુજરાતી રાઇટર્સ ગિલ્ડની સ્થાપનાથી લઇને ૩૩ વરસ સુધી મહા-મંત્રી તરીકે જવાબદારી સંભાળીને નાદુરસ્ત તબિયતને કારણ એ કાર્યભાર સંભાળવા મેં, જનાબ સિરાજ પટેલને વિનંતી કરી એટલે સન ૨૦૦૪થી તે ગિલ્ડના એક કાર્ય-કુશળ મહા-મંત્રી તરીકે ખંતપૂર્વક સેવા બજાવે છે.

સિરાજ પગુથનવીને ઘણા ખરા કવિ-મિત્રો અને શ્રોતાઓ એક હઝલકાર તરીકે ઓળખે છે. કારણકે મુશાયરાના મંચ પર મોટા ભાગે લોકો તેમને એકાદ મુકતક અથવા હઝલ તેમની લાક્ષણિક છટાથી જુસ્સાપૂર્વક રજૂ કરતા જોતા અને સાંભળતા આવ્યા છે.

સિરાજ સારા હઝલકાર છે અને વ્યંગમય શૈલીમાં સારી હઝલ લખવાની ક્ષમતા પણ ધરાવે છે. હઝલ જેટલી સારી હોય છે તેનાથી વધારે અસરકારક અને FORCE FUL તેમની રજુઆત હોય છે. મુશાયરાઓમાં દુબારાના હોકારા કરનાર મોટાભાગના શ્રોતાઓ, ગઝલકારના કર્ણપ્રિય તરન્નુમ અને હઝલકારની અસરકારક રજુઆતથી પ્રભાવિત થતા હોય છે. કયારેક ગઝલકારની ભાવનામય ગઝલ અને હઝલકારની કટાક્ષમય હઝલ નબળી રજૂઆતને પરિણામે મુશાયરાઓમાં શ્રાવ્ય નથી હોતી – વાહ વાહ કે દાદ મેળવી શકતી નથી પણ રસજ્ઞ ભાવકને વાંચવી ગમે એવી હોય છે. પરંતુ સિરાજ પગુથણવી અપવાદરૂપ છે. અસરકારક રજુઆત તેમને પિતા તરફથી મળી છે.

એટલે જયારે એ પોતાની લાક્ષણિક છટાથી કટાક્ષમય હઝલ કે મુકતક રજૂ કરે ત્યારે 'વાહ વાહ' સાથે તાળીઓના ગગડાટ વડે શ્રોતાગણ એમને આવેશપૂર્વક દાદ આપી વધાવે છે. જેમકે :–

' સભામાં દાદ ના ગુંજી ઉઠે ચોમેર 'કદમ' પડઘા
અસરકારક છટાથી જો હઝલ રજૂ કરે, સિરાજ'
'કદમ'

સમયની સાથે શસ્ત્રોનું મહત્વ ઘટે છે અને નવીન વિકલ્પ જાહેર થાય છે. ઉપયોગિતા અને પરિવર્તનને સરળ રીતે રજૂ કરવાની સિરાજ પગુથણવીની આવડત જુઓ:–

' તીર, ભાલા ફેંકી દો ખંજર અને;
હાથમાં કાગળ કલમ રાખો હવે '

*

જગતમાં પ્રગતિની સાથે સુખાકારી અને સગવડના નિત નવા સાધનો ઉપલબ્ધ થતા જાય છે. તેમાં લાભ સાથે ગેરલાભનો પણ સમાવેશ હોય છે. માનવ જીવનની રહેણી કરણીમાં પણ અનિવાર્ય ફેરફાર થતા રહે છે. ફ્રિઝ, અને ફ્રીઝરની શોધથી રાંધેલા ખોરાકને સાચવી બીજા ટંક માટે ઉપયોગમાં લેવાય છે એટલે સમયસર રાંધીને–રંધાયેલું તાજું ખાવાથી માણસ વંચિત થતો જાય છે. 'સિરાજ'કહે છે:–

' વાસી ખાવાની પ્રથા પ્રચલિત એવી થઇ ગઇ
દેશની જેમ રોજ તાજું અહીં તો રંધાતું નથી '

*

આ વિષય પર મારી હઝલનો એક શૅર ટાંકવાની લાલચ રોકી શકાય એમ નથી. શૅર છે :–

' સ્વાદ કયાંથી હોય, ભોજન તો અહીં વાસી મળે;
ફ્રિઝ,ને ફ્રિઝર થકી લિજજત બધી ખોવાઇ ગઇ '
'કદમ'

*

માણસ કુદરતનું સર્વ શ્રેષ્ઠ સર્જન હોવા છતાં માણસાઇ વીસરતો જાય ત્યારે શિખામણ આપતાં 'સિરાજ'કહે છે :–

' આ માનવી કુદરતનું, છે સર્વ શ્રેષ્ઠ સર્જન;
માનવ બની ધરતીનો શણગાર થઇને જીવો '

'કહેવું સહેલું છે પણ કરવું કઠણ' આ ઉકિતને 'સિરાજ' વિખવાદના સંદર્ભે સરસ રીતે રજૂ કરે છે.
'કોમના વિખવાદનું તો મૂળ પકડાતું નથી' અને કેમ પકડાતું નથી તેનું કારણ બીજી પંકિતમાં દર્શાવે છે. કે.....*'એક બીજાથી એક બીજાનું વેણ વેઠાતું નથી'*

વિખવાદને દૂર કરવા ઐકય–એકતાની આવશ્યકતા હોય છે પણ સંપની–એકતાની વાત કોઇને સંભળાતી નથી કેમકે,...

'સિરાજ પિપૂડી વગાડે એકતાની રોજ પણ
એ તો ગાજરની છે તેથી કોઇને સંભળાય ના '

*

અન્ય મુકતકોમાં 'સિરાજ પગુથનવીએ' શાદી–વિવાહમાં થતા ફાલતુ અને પૈસાના બિનજરૂરી વ્યયને *'કેક કાપીશું...ડસ્ટબીનમાં નાખીશું'* વળી ઘરનું મૂકીને બહાર હોટલમાં જમવાનો ચસ્કો ધરાવનારા નવયુવાનોની 'લત' નો નિર્દેશ કર્યો છે.વર્તમાન જગતમાં પ્રવર્તમાન અરાજકતા, અત્યાચાર અને ધર્મને બદલે અધર્મનો ઉલ્લેખ, *' શી ખબર આબાદ આ ઉજજડ ચમન કયારે થશે!'* તરહી પંકિત પર રચાયેલા કાવ્યમાં 'સિરાજે' આ ઉજજડ થઇ રહેલા ચમન રૂપી જગતને કયારે આબાદ થશે! એવી ચિંતા વ્યકત કરી છે. *' ઇંગ્લીશ શીખવા જાય છે '* કૃતિમાં આધેડવયના લોકો કેવા છબરડા વાળે છે તેનું ચિત્ર ઉપસાવી રમૂજનો રંગ છાંટવાનો પ્રયાસ કર્યો છે. સામાન્ય એમ માનવામાં આવે છે કે હઝલકાર માટે ગઝલ લખવાનું કપરૂં અઘરૂં હોય છે. કઇંક અંશે એમાં તથ્ય હશે! કરાંચીના મુરબ્બી જનાબ 'મુનશી ધોરાજવી' કહે છે કે 'હું ગઝલ લખવા બેસું તો હઝલ લખાય છે.'

અગાઉ થયેલા હઝલસમ્રાટ જ.'બેકાર' અને જ.'શેખચલ્લી' જેવા ખ્યાતનામ હઝલકારો સમક્ષ શ્રોતાઓને બે ઘડી હળવું મનોરંજન પૂરૂં પાડવાનો ધ્યેય હશે એટલે તેમણે મોટા ભાગે વ્યંગ્ય અને કટાક્ષમય કવનનું સર્જન કર્યું. મુશાયરામાં શ્રોતાઓ તેમનાથી એવી શાયરી સાભળવા ઉત્સુક રહેતા. સામયિકો અને સમાચાર–પત્રોમાં તેમની એવી રચનાઓ આનંદભેર વાંચતા.વર્તમાન હઝલ–સમ્રાટ જ.'સૂફી મનુબરી' પાસે વિચારશીલ અને ગંભીર ગઝલ સાંભળવાની અપેક્ષા રાખવામાં આવતી નથી પણ બે ઘડી હસવાનું મળે એવી ઇચ્છા લઇ શ્રોતાઓ મુશાયરાઓમાં હાજર થાય છે કેમકે આરંભથી જ.'સૂફી' મનુબરી હાસ્ય વેરતી હઝલોનું ખેડાણ કરતા આવ્યા છે.

પરંતુ 'સિરાજ' પગુથનવી કટાક્ષમય હઝલ ઉપરાંત ગઝલ લખવાની Ability--ક્ષમતા પણ ધરાવે છે. 'સિરાજ'ના જીવનમાં 'શીરીન'નો (જીવનસાથી તરીકે) પ્રવેશ થયા પછી નવો વળાંક...સુખદ પરિવર્તન જોવા મળે છે. હઝલ સાથે એ ગઝલ સાધના કરતા થયા છે. 'શીરીન,'...'સિરાજ'ની ગઝલ પ્રેરણા પ્રતીક–Symbol છે. સંગ્રહમાં પ્રસિધ્ધ થયેલી ગઝલ અને મુકતકોથી એ ફલિત થયા વગર રહેતું નથી.

પ્રેમના પ્રતીક સમાન 'તાજ મહેલ' જોતાં પ્રેમ ભાવના ઉત્કૃષ્ટ રીતે વ્યકત થાય એ સ્વભાવિક છે. મનગમતા પાત્ર કે પાર્ટનરના સાંનિધ્યના સ્પંદન અનેક મુકતકોમાં અભિવ્યકત થયાં છે. એક મુકતકમાં પ્રેયસીની સંગત વાંછતાં પ્રેમીના મનોભાવ આ રીતે વ્યકત થાય છે.:–

' તમે સામે રહો તો દિલની બે–ચાર વાત થઈ જાયે
હઝારો તારલા ચમકે હસીન આ રાત થઈ જાયે
ઉઠાવો જો તમે પાંપણ તો ચમકે સુર્ય ચારે કોર
ઝુકાવી દો જો પાંપણ તો એ મધરાત થઈ જાયે '

*

શુષ્ક જીવનમાં મન પસંદ સાથ–સથવારો સાંપડે ત્યારે જીવન સાર્થક અને નિરાશામાં આશાના દીપ ઝળહળે છે.

' નિરર્થક મારા જીવનને હવે સાર્થક બનાવી ગઇ
નિરાશામાં એ આશાના ઘણા દીપક જલાવી ગઇ '

*

પ્રિયતમાની શરમાળ આંખો અને પાંપણ ઢળે–નમે તો પ્યારનો એકરાર સમજવામાં આવે છે. જેમકે :–

' ઝૂકેલી એ પાંપણ ને શર્મીલી આંખો
મહોબતનો 'સિરાજ' ઇકરાર સમજો '

*

અને પ્રેયસીનો પ્રેમ સાંપડે ત્યારે પ્રેમીની જીંદગી પણ મીઠી–મીઠાશવાળી થાય છે તેનો સ્વીકાર કરતાં કવિ સિરાજ કહે છે :–

' કહી દઉં અંતે હું 'સિરાજ ' મારી પ્રેમિકાને કે
હવે આ જિંદગી મારી ઘણી 'શીરીન' લાગે છે '

*

પછી એકમેકના સ્નેહમાં ઓતપ્રોત થતાં જે સ્થિતિ સર્જાય તે સમસ્યા જેવી હોય છે જે દેખાડી, કે સમજાવી શકાય નહીં.

' હૃદયની થઇ છે હાલત જે તે બતલાવી નથી શકતો
સમસ્યા પ્રેમની 'સિરાજ' સમજાવી નથી શકતો '

મનગમતી મહેબૂબાના 'શીરીન'–મધુર શબ્દો દિલને વશ કરે, મોહાંધ કરે તો પ્રેમ રોગ લાગુ પડે...દિલ ઘાયલ થાય, દર્દ વધતું જાય પણ સાચો પ્રેમી તેને ઉપચાર સમજે છે. જેમકેઃ–

'શીરીન'શબ્દો કેટલાયે દિલ ને બહેલાવી ગયા
'સિરાજ'ને કેવી બીમારી ઇશ્કની આપી ગયા
એમના એકજ ઇશારે હું તો ઘાયલ થઇ ગયો;
દર્દે–દિલ વધતું રહે એવી દવા આપી ગયા.

*

પ્રેમ જયારે શાણપણની સીમા ઓળંગી ઘેલછાની હદમાં પ્રવેશે ત્યારે રાત–દિવસ પ્રિયતમના વિચારોમાં મગ્ન–'ગુમ' રહેવાય એવી મનોદશાની અનુભૂતિ...

'હવે તો રાત–દિ' એના વિચારોમાં રહું છું ગુમ
મને 'સિરાજ' મારી પ્રેમિકા પાગલ બનાવી ગઇ '

*

જગતને પોતાના દિલની–દશાની પ્રતીતિ થાય તે માટે..........'ભાવભીનો પ્યાર જોવા–દેવાની' અનુમતિ આપતાં ––

'

' કળી જાયે જગત 'સિરાજ'ના દિલની પરિસ્થિતિ
જરા તું એને મારો ભાવભીનો પ્યાર જોવા દે '

*

પ્રેમ જયારે પાગલ બનાવે ત્યારે પ્રેમિકાની છબી નજર સામે હોય,.........વારંવાર જોતાંય...મન ન ભરાય તેનું વર્ણન કરતાં 'સિરાજ' વદે છે–કહે છેઃ–

' છબી લાવું નજરની સામે તારી કેટલી વેળા
છતાંય દિલ મને કહે છે ફરી એકવાર જોવાદે '

*

પછી એ છબી આંખો અને દિલમાં વસે તો પ્રેમની આગ ભભૂકી ઉઠે છે ત્યારે,.......

' જોઉં છું આંખો મહીં તારી છબી આવી ગઇ
દિલમાં વસીને પ્રેમની એક આગ સળગાવી ગઇ '

*

દિલમાં પ્રેમ અગ્નિ ભડકે પછી જે ગઝલ સર્જન થાય તેમાં શબ્દોનું નિરૂપણ મીઠાશભર્યુ–શીરીન હોવું જોઇએ. કારણ મધુર – શીરીન શબ્દો કરતાં અન્ય શબ્દો સુરમ્ય તાજગીભર્યા નથી હોતા...

' ગઝલ 'સિરાજ' હંમેશાં લખે શીરીન શબ્દોથી
સુરમ્ય તાજગી વાળા બીજા શબ્દો નથી હોતા '

'લંડન થી સ્નેહ-સભર સોગાત'માં આ પ્રકારની પ્રેમપ્રચુર ગઝલો અને મુકતકો ઉપરાંત કટાક્ષમય હઝલો અને વ્યંગમય કાવ્યો તથા મુકતકોનો સમાવેશ થયો છે. જ.'સિરાજ' પગુથનવીના આ પ્રથમ પ્રયાસને આવકારૂં છું અને ગઝલ-હઝલ રસિક શાયરીના શોખીન ગુજરાતીઓને 'ફ્રોમ લંડન વિથ્ લવ' *From London With Love* ગઝલ-હઝલ સંગ્રહ ગમશે એવી આશા સાથે વિરમું છું.

'કમાલ ' પટેલ
'ફયઝાન '
પ્રેસ્ટન - લેન્કેશાયર - યુ.કે.
તા. ૨૩-૦૭-૨૦૦૮

From Left to right :– 'Kadam' Tankarvi,'Siraj' Patel & Nazir Patel
arranging exhibits
for
Conference, Exhibition & Kavi Sammelan
Organised by
The Gujarati Writers' Guild-UK
Saturday 28 August 2004
at
Muslim Girls School Hall, High Street, Bolton
Lancashire – England

સંસ્કાર,સંસ્કૃતિ,ભાષા અને સાહિત્યરસ

By: Praful. A Amin

મને આનંદ થાય છે કે તમે 'મહેક', 'કદમ' અને 'અદમ'ટંકારવી જેવા સાહિત્યકારો ના આગ્રહ ભર્યા સૂચનનું માન રાખી તમારો કાવ્યસંગ્રહ પ્રગટ કરો છો. તમને હાર્દિક અભિનંદન.

કાવ્યસ્વરૂપ અને ગઝલનો હું ઊંડો અભ્યાસી નથી; એટલે તમારી ગઝલો અને કાવ્યો પર વિવેચન કરવાની હિંમત નહીં કરૂં. પરંતુ એની જરૂર પણ શી છે? એક આમ સાહિત્યરસિક તરીકે મેં તમારી ગઝલો વાંચી છે; સાંભળી છે અને માણી છે. મારે મન તો તે મહત્વની વાત છે.

પરંતુ સૌથી વધારે ગમતી વાત કરૂં તો એ છે કે તમે પરદેશમાં આવી ગુજરાતી સંસ્કાર, સંસ્કૃતિ, ભાષા અને સાહિત્યરસ જાળવી રાખયા છે. તમારા કુટુંબમાં ગુજરાતી બોલાય છે, તમારા વ્યવહારમાં ગુજરાતી વપરાય છે, તમારી કોમમાં સાહિત્યગોષ્ઠિ થાય છે, ગુજરાતીમાં લેખન અને વાંચન થાય છે– માટે અહીંના વિકટ વાતાવરણમાં ગુજરાતી ભાષાની અસ્મિતા ટકી રહી છે.જયારે બીજા બહુશ્રુત સમાજમાં ગુજરાતી ખોવાઇ રહી છે!

સિરાજ, તમે તો વ્યવસાયમાં પણ ગુજરાતીના પ્રચાર, પ્રસાર અને જાળવણી માટે ઉમદા કામ કર્યું છે. ગુજરાતી–ઉર્દુના શિક્ષક તરીકે, રેડિયો પર ગુજરાતી વિભાગના નિયામક અને ખબરદાતા તરીકે ગુજરાતી સાહિત્યકારોને આપણી ગુજરાતી પ્રજા સમક્ષ મુકયા છે. લોકોને સાહિત્યિક મનોરંજન પીરસ્યું છે. અહીંનું પ્રથમ સમાચાર પત્ર 'વીસમી સદી' શરૂ કરવાનું માન પણ તમને જાય છે. **આશા રાખું છું કે મુખ્ય ગુજરાત અને તેના સાહિત્યકારો બૃહદ–ગુજરાતના 'લઘુ ગુજરાતી સાહિત્ય સેવકોની નોંધ જ નહીં તેમના પુરૂસાર્થ અને સર્જનની જાણ ગુજરાતના ખૂણે ખૂણે કરે'. 'ડાયસપોરીક' ઇતિહાસમાં સંશોધન કરતા ડો. બળવંત જાની અને ડો. જગદીશભાઇ દવેએ પા પા પગલી શરૂ કરી છે. સારી વાત છે. રણમાં ગુલાબ–એ પણ સુગંધી ગુલાબ– ખીલવવું મુશ્કેલ છે– અશકય છે. હા,પણ એને માત્ર જીવતું રાખવું એ કેટલું કઠિન છે એની પૂરી જાણ ગુજરાતના પંડિતો ને નથી.**

છેલ્લે મને વિશ્વાસ છે કે તમે અને તમારા જેવા સ્થાનિક ભાષા સંરક્ષકોથી નર્મદની 'જય જય ગરવી ગુજરાત ' કે ખબરદારની 'અમારી ગુણવંતી ગુજરાત' અદમનો 'સાંધાવાળો સાડલો' પહેરી ટકી રહેશે. અદમની પંકિતઓમાં જરાક શબ્દ ફેર ગોઠવું છું:–

'ને સાંધાવાળો સાડલો પહેરી ફરે
કયાં હવે દીઠી ગમે છે ગુર્જરી
જીવ પેઠે સાચવો એને તમો
ને તમોને સાચવે છે ગુર્જરી '

Praful. A Amin

પ્રફુલ અમીનના સ્નેહવંદન
Birmingham – U.K.
2/9/2008

આસિમની ગઝલોમાં લીલાનું દર્દ છે, તો સિરાજની ગઝલોમાં શીરીનની મીઠાશ...

ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ના સ્થાપના કાળથી એની સાહિત્યિક પ્રવૃત્તિઓમાં અને ખાસ કરીને એની મુશાયરા પ્રવૃત્તિમાં રસ લેતા આવેલા 'સિરાજ પટેલ પગુથનવી' અત્યારે ગિલ્ડના મહામંત્રી પદે બિરાજમાન છે. વર્ષો સુધી ગિલ્ડના મહામંત્રી તરીકે એકધારી સેવા બજાવી સ્વેચ્છાએ નિવૃત્ત થયેલા જનાબ 'કદમ' ટંકારવી નું કામ સિરાજ પટેલે ખૂબજ ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક સંભાળી લીધું છે. સાથે સાથે ગઝલ-હઝલ પણ લખતા રહે છે અને "ફ્રોમ ઈંગ્લેન્ડ વીથ લવ" એ એનું દેખીતું પરિણામ છે.

સુપ્રસિદ્ધ ગઝલકાર જનાબ આદિલ મન્સૂરીને એમની ગઝલો સાંભળે અને દાદ આપે એવાં એમનાં ધર્મપત્ની અને કવિયિત્રી બિસ્મિલ મન્સૂરી મળ્યાં છે, તો સિરાજને જેમને કારણે "જિંદગી મારી ઘણી શીરીન લાગે છે" એવો તેઓ એકરાર કરે છે તે ગઝલફહેમ શીરીનબેન મળ્યાં છે. એમના હૂંફાળા, પ્રેમાળ, રસિક અને મધુર સ્વભાવની મીઠાશ સિરાજ પટેલની કેટલીક પ્રેમગઝલોમાં જરૂર અનુભવવા મળે છે.

સિરાજ પટેલ ગઝલો ઉપરાંત હઝલો પણ લખે છે જેમાં એમને કદાચ વધારે ફાવટ છે. પોતે જે સમાજમાં જીવે છે તે સમાજની ખૂબીખામીઓને રમુજી રીતે પોતાની હઝલોમાં વણી લે છે. અહીંના મુસ્લિમ સમાજ માટે વર્ષોથી ચાંદનો મસઅલો ચર્ચાનો વિષય બનેલો છે. એના વિષે એમણે વર્ષો પહેલાં લખેલી બે પંક્તિઓ મને અહીં યાદ આવે છે:

નર્મદાનો ચાંદ જુદો, જુદો છે તાપીનો ચાંદ
જે બધાનો હોય તેવો ચાંદ ક્યાંથી લાવશું?

આમ ચાંદને વિષય બનાવી વિભાજિત થઈ જતી પોતાની કોમને જોઈને તેઓ દુ:ખ અનુભવે છે અને એ કોમને એક પ્લેટફોર્મ પર લાવવાના પોતાના પ્રયત્નો નિષ્ફળ જતા જ્યારે જુએ છે ત્યારે પોકારી ઊઠે છે:

સિરાજ તું ઢમઢમ વગાડે એક્તાનું ઢોલ પણ
બહેરાપણું છે એટલું કે કાને સંભળાતું નથી

આવી આંખે આંધળી અને કાને બહેરી થઇ ગયેલી પોતાની કોમને ''ખુદ્દાર થઇને જીવો'' શિર્ષકવાળી પોતાની નઝમમાં તેઓ આ શબ્દોમાં જગાડવાનો પ્રયત્ન કરે છે:

ગફલતને ફગાવી દો, બેદાર થઇને જીવો
છોડો આ હતાશાને, ખુદ્દાર થઇને જીવો
થઇ જાવ મિત્રો સામે તો પુષ્પથી યે કોમળ
પણ દુશ્મનોની સામે, તલવાર થઇને જીવો

''ફ્રોમ લંડન વીથ લવ'' એ સિરાજ પટેલનો પ્રથમ ગઝલ–હઝલ સંગ્રહ છે. એમાંની કેટલીક રચનાઓનું સુંદર અંગ્રેજી ભાષાંતર કવિજીવ અઝીઝ ઝુમલાએ કરેલું છે જે પુસ્તકના સામેના પેજ ઉપર જ આપવામાં આવ્યું છે. આ ભાષાંતર અહીંની યુવાન પેઢીને તથા હવે તો ગુજરાતી મુશાયરાના રંગે રંગાયેલા અને ગુજરાતી ગઝલમાં રસ લેતા થયેલા કેટલાક સ્થાનિક અંગ્રેજ કવિઓને પણ અહીંના ગુજરાતી કવિઓની કવિતાને સમજવામાં મદદરૂપ નીવડશે.

છેલ્લે... એમના પિતાશ્રી મરહૂમ વલી એહમદ મેમ્બર પગુથણવાલાએ ૧૯૭૩માં બ્લૅકબર્ન મુશાયરામાં શાયરો પર રમુજ કરતાં જે શબ્દો કહ્યા હતા તે મને યાદ આવે છે. તેમણે કહેલું: ''જે ઝાડ પર બગલું બેસે તેનું મૂળ બગડે, જે ઘરમાં ભગતરુ (કવિ) પેસે તેનું કુળ બગડે!''

મરહૂમને કોણ જઇને કહે કે બહુ પ્રતિભાના માલિક તમારા કવિ પુત્ર સિરાજ પટેલે કુળદીપક બની તમારા કુળનું નામ રોશન કર્યું છે. તમારું કુળ હજી જીવંત છે, જીવંત છે એટલું જ નહીં પણ દીકરા સિરાજની સાહિત્યિક પ્રવૃત્તિઓમાં બરાબર ધબકે છે અને તેમની માતૃભાષાની સેવાઓમાં મહેકે છે. તમારા કુળની ખુશબો હજી ચોમેર પ્રસરે છે. હજી પણ એની વાહ વાહ થાય છે.

ભાઇ સિરાજ પટેલના આ સંગ્રહને હું આવકારૂં છું અને એમના હાથે અહીં અંગ્રેજોના મુલકમાં ગુજરાતી ભાષા અને સાહિત્યની હજુ વધુ સેવા થતી રહે એવી આશા–અપેક્ષા સાથે વિરમુ છું.

'મહેક' ટંકારવી
બોલ્ટન, યુ.કે.
તા. ૧૯/૧૦/૨૦૦૮

લેન્કેશાયરના શાયર
સિરાજ પટેલ ઉર્ફ " શિરાઝી "

By:- Sufi Manubari

બી.બી.સી. રેડિયો લેન્કેશાયરના લોકપ્રિય પ્રોગ્રામ 'મહેફિલ'ના પ્રેઝન્ટર અને પ્રોડયુસર સિરાજ પટેલના નામથી ભાગ્યેજ કોઈ અજાણ હોય. ભાઈ સિરાજનું નામ લેન્કેશાયરના ખૂણે ખૂણે જાણીતું અને માનીતું છે એનાં ઘણાં બધાં કારણો છે.

રેડિયો પ્રેઝન્ટર અને પ્રોડયુસર ઉપરાંત એમણે આસિસ્ટંટ કમયુનિટી રીલેશન્શ ઓફિસર તરીકે પણ બલેકબર્નમાં યાદગાર સેવા અર્પણ કરી છે. સાહિત્યરસિક હોવા સાથે શૅરો-શાયરીમાં પણ ભાઈ સિરાજ એટલોજ રસ ધરાવે છે. ગુજરાતી તેમજ ઉર્દુ ના ઘણા બધા શૅરો એમની યાદદાસ્તમાં છવાયેલા છે. મુશાયરાના મંચ પરથી દબદબા, જોમ, અને જુસ્સા સાથે પોતાની લાક્ષણિક છટામાં જયારે સિરાજ પટેલ એમની હઝલ યા ગઝલ રજુ કરે ત્યારે એ શ્રોતાઓ પર ખરેખર છવાય જાય છે.

એમના પિતાશ્રી વલી અહમદ પગુથણવાલા પ્રખર સાહિત્યરસિક અને સારા વકતા હતા. કોંગ્રેસની મિટીંગોમાં મેં એમનું ભાષણ સાંભળેલું. સ્વભાવ મળતાવડો અને હાસ્યરસિક. ૧૯૭૩માં જયારે એ ઈંગલાંડ ફરવા આવેલા ત્યારે ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ તરફથી બલેકબર્ન ટ્રોય સ્ટ્રીટ થીએટરમાં યોજવામા આવેલા એક શાનદાર મુશાયરામાં સ્ટેજ પર પધારી સભાને સંબોધવા આમંત્રિત કરવામાં આવ્યા ત્યારે એમણે શાયરો પર રમુજી કટાક્ષ કરતાં હસાહસનું જે વાતાવરણ ઉભું કર્યું હતું તે હજુ મને યાદ છે. એમના શબ્દો હતા 'જે ઝાડ પર બગલું બેઠું હોય તેનું મુળ જાય, અને જે ઘરમાં કવિશ્રું પેઠું તેનું કુળ જાય '

પિતા પાસેથી વારસામાં મળેલી આ શકિત ભાઈ સિરાજમાં પણ છે. ઉર્દુ અને ગુજરાતી શાયરીના આ શોખીન જીવડાએ યુ.કે.માં 'કદમ' અને 'મહેક' ટંકારવી જેવા શાયરોના સહવાસમાં રહી હઝલ-ગઝલ લખવાની શરૂઆત કરી મુશાયરાઓમાં ભાગ લેવા માંડયો અને વખતના વહેણ સાથે શાયરીની દુનિયામાં આજ સુધી આગળ ને આગળ કૂચ કદમ કરી રહ્યા છે. હાલના તબકકે એ ગુજરાતી રાઈટર્સ ગિલ્ડના જનરલ સેક્રેટરી છે.

એમની ગઝલોમાં પ્યાર-મહોબ્બતની ઝલક સહેજે દેખાઈ આવે છે અને હઝલોમાં સમાજની ઉણપોને એમણે કટાક્ષમય શૈલીમાં સરસ રીતે અવલોકી છે. એમના બે-ત્રણ શૅરો જોઈએ

તમે સામે રહો તો દિલની બે-ચાર વાત થઈ જાયે
હઝારો તારલા ચમકે હસીન આ રાત થઈ જાયે

એમના એકજ ઈશારે હું તો ઘાયલ થઈ ગયો
દર્દે–દિલ વધતું રહે એવી દવા આપી ગયાં

*

હૃદયની થઈ છે હાલત જે તે બતલાવી નથી શકતો
સમસ્યા પ્રેમની સિરાજ સમજાવી નથી શકતો

*

ભાઈ સિરાજની કટાક્ષમય હઝલના શૅર કઈંક આ પ્રમાણે છે .....

વટ મારવામાં એ નથી જોતો કે શું ભેલાય છે
જેટલો ચાલે છે ઊંચો એટલો ખરડાય છે

*

આજે કરીમ માં તો કાલે નવાબમાં
પૂછો તો કહેશે ઘરનું કયાં ભાવે જવાબમાં
ખાયા કરો ડેડી તમે આ દાળ રોટલી
દિકરાને મજા આવે સનમ ની કબાબમાં

*

એમની ચમકદાર નવીન ટેકનિકની અંગ્રેજી ભાષાના અધુરાપણાની વાસ્તવિકતા દર્શાવતી કટાક્ષમય હઝલ જોઈએ....

'What' માં ને 'Why' માં ગુંચવાય છે
લ્યો, મણિબેન 'English' શીખવા જાય છે
B...U...T લખીએ તો એ BUT વંચાય છે
C...U...T લખીએ તો એ CUT વંચાય છે
કિન્તુ જયારે P...U...T લખીએ છીએ
હાહરૂં 'પટ' નહીં પણ 'પુટ' અહીં વંચાય છે

*

અને એમની ખુમારી વાળી નઝમ

તું, ખુદા –પરમેશ્વર કે ગૉડ થી ડરતો નથી
પાઠ તું કુઆર્ન–ગીતા, ગ્રંથના કરતો નથી
ઉચ્ચ આર્દશો કદીયે તું તો આદરતો નથી
એક તમાચે ગાલ બીજો તુ કદી ધરતો નથી
ધર્મ ને ઈન્સાનિયતનું પારખું કયારે થશે
શી ખબર આબાદ આ ઉજજડ ચમન કયારે થશે

ભાઈ સિરાજ પટેલનો ગઝલ–હઝલથી કંડેરાએલો આ સંગ્રહ, હાસ્ય અને રમૂજી ઢબથી કટાક્ષમય રીતે સમાજમાં ચિંતન જગાડવાની અનેક રંગની કલાનું પ્રથમ સર્જન છે. 'તન–મન'થી સર્જાતા આ મહામુલા દિલના ઉમળકાને કવનરૂપે ભાઈ સિરાજ કાગળ પર વિવિધ ફૂલોની કયારી જેમ સિંચન કર્યું છે. વાંચક મિત્રો આ જુદા જુદા શબ્દો રૂપી ફૂલોની સુવાસ જરૂર માણે અને સિરાજ પટેલના **"ફ્રોમ લંડન વિથ્ લવ"**–"From London With Love"સંગ્રહને આવકારે.એમના આ પ્રયાસને હું ભારો ભાર આવકારૂં છું.

સિરાજ પટેલ લેંન્કેશાયરના 'શિરાઝી'બને એવી દુઆઓ સાથે––

સૂફી મનુબરી
4 Hibert Street
BOLTON -Lancashire
United Kingdom

Sufi Manubari



***

An inspiration

By : Abdul Aziz Zumla

Siraj Patel "Paguthanvi" has been, & will always remain an inspiration to me & to others, with his abilities, finesse' & understanding, to invoke within his circles, his deep-rooted passion to guide, inspire & to teach with his genuine & dedicated moral & personal support.

His philosophies are reflected in his quest for God consciousness, his constant efforts to understand his own inner self & by his constant observation of Human behaviour & his surroundings.

Siraj's studies of the various philosophers, thinkers & writers (from the East & the West) have moulded him into a matured, balanced & open minded independent thinker. And this is what we find in some of his work i.e. Gazals, Hazals, Muktaks, Nazams & Lectures.

It was in 1972 when he was the Assistant Community Relations Officer in Blackburn that we started knowing each other better and this was when my first daughter Rehana was born *and I felt a great need to learn Gujarati, Urdu & Hindi in order to be able to expose her to these languages for her to learn and reflect upon later on in her life.(* she was followed by Akeela, Ameera & Mohmed)

Siraj and I used the very simple medium of listening to the Lyrics of the songwriters of the Bollywood movies of late 50's & 60's and by discussing the various meanings of the vocabulary used and various contexts of the words used.

This lead rapidly to analysing the Gazals, Nazams, Qawalis, Naat-Kalams, Nasheeds each with their own potentials of its Lyrics, composition & their deep rooted meanings conveyed in a simple but powerful & effective way and they appealed to the mass audiences where Gujarati-Urdu and Hindi is universally understood.

Since its inception and with the lapse of time Gazals & Nazams written in Gujarati have gone through various phases & changes and have acquired a very high standard. **The field is wide open and now a days poets write Gazals on any subject they choose. Gujlish Gazals** (Gazals written in Gujarati with the addition of English words in its couplets) are becoming very popular not only in the UK but also in America, Canada, & India and Dr. Adam Tankarvi, a world famous poet & writer and Vice-President of the Gujarati Writers' Guild-UK is the pioneer in this sphere.

To Sirajbhai and to all the members of the Gujarati Writers' Guild-UK & similar organisations & particularly the audiences in the Mushaira here…I am truly & deeply indebted to all of them for their prayers, guidance, & support — specially Siraj and his family members.

Good Luck Siraj for your book **"From London With Love"**

Abdul Aziz Zumla
Birmingham —UK
1st AUGUST 2008

Abdul Aziz Zumla

દિલની વાત એટલે ગઝલ

By: Vinay Kavi

બુલંદ અવાજ અને જોરદાર રજુઆત એટલે ભાઇશ્રી સિરાજ પટેલ. મુશાયરાના સ્ટેજ પર એ ઊભા હોય ત્યારે સભાજનોના કાન અને આંખ એમના પર જ કેંદ્રિત થાય.

મેં 'સિરાજ'ને અનેક મુશાયરાઓમાં સાંભળ્યા છે તથા તેમના કવનને વખાણ્યું છે. એમની ગઝલોમાં વતન પ્રેમ છલકાય છે તેમજ કોમ માટેની ઉભરાતી મહોબત પ્રકટ થાય છે:

હું જાણું છું ગમે તેવી છતાં આ કોમ મારી છે
મળે ગાળો છતાં પણ કોમનો ઉધ્ધાર ચાહું છું

પણ એ ખૂબ ખીલે છે રમૂજપૂર્ણ તથા કટાક્ષભર્યા શૅરોમાં:

દૂબળી એ ભેંસને ડોબું કદી કહેવાય ના
વાતનું ક્યારે વતેસર થાય એ કહેવાય ના

સિરાજભાઇ ખુશમિજાજી આદમી છે; એમના મુખ પર સદા સ્મિત રમતું હોય છે. એમનો સ્વભાવ મિલનસાર છે જે એમની રચનાઓમાં પ્રતિબિંબિત થાય છે.સીધા સાદા શબ્દોમાં દિલની વાત કહેવી તે એમની શાયરીનું ધ્યેય છે અને તેથી એમની ગઝલો હ્રદયને સ્પર્શી જાય છે.આવા શ્રી સિરાજ પટેલ એમનો ગઝલ સંગ્રહ'લંડનથી સ્નેહ સભર સોગાત' લઇને આવે છે ત્યારે 'લેસ્ટર વીથ લવ'થી આવકારતાં આનંદ અનુભવું છું.



-વિનય કવિ 'બદનામ'
Breamar Close, Leicester – UK

Vinay Kavi ' Badnam '

લોકપ્રિય ગઝલકાર સિરાજ પગુથનવી

કલમ માં જોશ લાવે, શાહીમાં ખુમાર લાવે છે
જુઓ' સિરાજ'રદીફ ને કાફિયામાં પ્યાર લાવે છે
યુ.કે.ના ધુંધળા વાતાવરણને પણ કરે ઝળહળ
'પથિક', અંધારમાં એ સુર્યનો અણસાર લાવે છે

બ્રિટનની મુશાયરા પ્રવૃત્તિ સાથે સિરાજ પટેલ આરંભકાળથી જ સંકળાયેલા છે. માતૃભાષા ગુજરાતી પ્રત્યે એમની ચાહના છે. યુ.કે.માં ગુજરાતી ભાષા ટકે, જીવંત રહે અને વિકસે એવા એમના પ્રયાસો છે. મુશાયરામાં એમની રજુઆત જોરદાર પ્રભાવશાળી હોય છે તેથી શ્રોતાઓ ભરપૂર દાદ આપે છે, વાહ વાહ,અને દુબારાથી હોલ ગુંજી ઉઠે છે. સિરાજ પટેલ બ્રિટનના લોકપ્રિય શાયર છે.

આ ઉપરાંત મારા જેવા ગઝલકારો, હઝલકારોને સિરાજ પટેલ સતત પ્રોત્સાહન આપે છે.મારી ગઝલ પ્રવૃત્તિ મંદ થઇ ગઇ હતી પરંતુ સિરાજ પટેલના ઉત્તેજનથી હું વધુ સક્રિય થયો અને મારો સંગ્રહ પ્રગટ થયો. સિરાજ પટેલનો કાવ્યસંગ્રહ પ્રકાશિત થાય એ મારા માટે ખુશી અને ગૌરવની વાત છે કારણકે મારા જેવા બ્રિટનના અનેક કવિઓ માટે 'From London With Love' ગઝલ-હઝલ સંગ્રહ પ્રેરણારૂપ બનશે. હું સિરાજ પટેલને હાર્દિક અભિનંદન પાઠવું છું.

પથિક સિતપોણવી
બોલ્ટન – યુ.કે.
28 August 2008

Pathik Sitponvi

Vision and Values of Gujarati mother tongue

By Imtiaz Patel. Dip; MSc

"The world can only be grasped by action, not by contemplation... The hand is the cutting edge of the mind". By Jacob Bronowski, Polish-born mathematician and humanist- 1908- 74. ---------This statement sums up Sirajsaheb's personality and achievement so far. When it comes to describing Sirajsaheb's achievement and his outstanding contribution towards the preservation and promoting the wealth of Gujarati literature, words become paralysed. I have known Sirajbhai for over two decades in my personal and professional capacity, since I was working at Blackburn Museum. His thinking of community welfare and his passion for poetry is as deep as the ocean, his vision and values of Gujarati mother tongue is as high as the sky, he moves like a wild wind when it comes to organising and promoting literature activities including Gujarati, Hindi and Urdu and he is as hot as fire when it comes to challenging the injustice and inequality in our society.

Sirajsaheb is not only a man of poetry but he is truly a good human being with lots of leadership qualities. I am so proud of knowing Sirajsaheb for all these years. He has inspired and empowered many community members, including a young man like me.

I would like to say well done and congratulations for your excellent achievement. I am sure that your publication **"From London With Love"** will inspire many more people in the years to come.

Best Wishes!

Imtiaz Patel Dip., MSc.
HIV/AIDS Education Officer - Local Health Authorities (UK)
Member of Human Rights and Civil Liberties Organisations (UK)
Fmr. Asian Arts Officer - Blackburn Museum (UK)
Chair - UK Peace Mission (UK)
Sec. of India International Forum (UK)
Vice Chair - International Learning Movement (UK, India)
Founder Member And Advisor HIV/AIDS overseas programme-
HELPING HANDS

Oceanic Place, 22 Harwood Gate
Blackburn – Lanc's – UK BB1 5HP
Date: 4th August 2008

Imtiaz Patel

અગર આપી શકો તો આપનો સહકાર ચાહું છું
અહીંના શુષ્ક જીવનમાં તમારો પ્યાર ચાહું છું

Siraj Patel 'Paguthanvi', B.A.

"ફ્રૉમ લંડન વિથ્ લવ" અર્થાત સ્નેહ–સભર સોગાત, ગઝલ–હઝલ અને મુકતકથી શણગારેલો મારો પ્રથમ સંગ્રહ વાંચક ગણ સમક્ષ પ્રસ્તુત કરતાં અવર્ણનીય આનંદની લાગણી અનુભવું છું. સંગ્રહના પ્રકાશન માટે મને પ્રોત્સાહિત કરનાર વ્યક્તિઓમાં જાણીતા ગઝલકારો અને લેખકો ત્રણ ટંકારીઆ રત્નો જનાબ 'કદમ' ટંકારવી, 'મહેક' ટંકારવી, અને 'અદમ' ટંકારવીનો સમાવેશ થાય છે.

આ ધુરંધર શાયર મિત્રોએ યુનાઇટેડ કીંગ્ડમમાં સ્થાયી થયેલા શાયરીના શોખીન અને શાયરોની ફેહરિસ્તમાં પોતાનું પણ નામ દાખલ થાય તેવી મહત્વાકાંક્ષા ધરાવનાર નવોદિત શાયરોને ગઝલના છંદશાસ્ત્રની સમજણ આપી અને જે કઇ પણ લખી શકાય તે લખવા પ્રેરિત કર્યા. વખતના વહેણ સાથે જુદા જુદા શહેરોમાં વખતોવખત યોજવામા આવતા મુશાયરાઓમાં શ્રોતાઓથી જેમ જેમ હોલ ઊભરાતા ગયા તેમ તેમ નવોદિત શાયરોનો પોતાની રચનાઓ રજૂ કરવાનો જોમ અને જુસ્સો વધતો ગયો. ઉપરોકત ગઝલકારોની ત્રિપુટી આ નવોદિત શાયરોને પ્રોત્સાહિત કરતી જ ગઇ-- પરિણામ એ આવ્યું કે આજની તારીખે બ્રિટન–સ્થાયી લગભગ દરેક શાયરના સંગ્રહ બહાર પડી ચૂકયા છે. મારા પ્રથમ પ્રકાશન 'ફ્રૉમ લંડન વિથ્ લવ' ગઝલ–હઝલ સંગ્રહનો પણ એમાં ઉમેરો થઇ રહ્યો છે.

સંગ્રહ પ્રગટ થતાં આનંદ –મિશ્રીત લાગણી સાથે વિદ્યાર્થી જીવનની યાદ તાજી થઇ આવે છે. શાયરીનો શોખ તેથી અમુક ગુજરાતી અને ઉર્દૂ ગઝલકાર–હઝલકાર કવિઓના કવન રસપૂર્વક વાંચેલા. S.S.C.ના અભ્યાસક્રમ સુધી ગુજરાતી સાથે ઉર્દૂ પણ એક વિષય હોવાથી ઉર્દૂ નું થોડું ઘણું જ્ઞાન હતું અને કોલેજમાં ઇન્ટર આર્ટસ સુધી વૈકલ્પિક વિષય પર્શિયન–(ફારસી) હોવાથી ફારસીનું પણ જૂજ જ્ઞાન પ્રાપ્ત થયેલું જે શાયરીના શોખને પ્રોત્સાહિત કરતું હતું.

મુંબઇમાં કોલેજ કાળ દરમ્યાન દોસ્ત–બિરાદરોની કંપનીમાં ઉર્દૂ–ગુજરાતી મુશાયરાઓ સાંભળવાની તક મળી એટલે શૅઅર–શાયરીનો શોખ વધતો ગયો. મુંબઇ ખાતે મુશાયરાઓ અને કવ્વાલીના પ્રોગ્રામ ખુલ્લા મેદાનોમાં થતા અને તેના માટે શ્રોતાગણ તરીકે કોઇ ટિકિટ લેવાની ન હતી એટલે હજારોની સંખ્યામાં રાતના લગભગ બે થી ત્રણ વાગ્યા સુધી લોકોની ભીડ જામતી અને લોકો મુશાયરા કે કવ્વાલીના માધ્યમ ધ્વારા રસપૂર્વક શૅરો–શાયરી સાંભળતા. આવા પ્રોગ્રામોમાં જવાની તક અમે ભાગ્યે જ ગુમાવતા.

બ્રિટનના નામાંકિત મ્યુઝીક ગ્રુપ Beatles ના એક ગીત પ્રમાણે

'Those were the days my friend'

ત્યારે એ ખ્વાબો-ખયાલમાં પણ ન હતું કે એક એવો સમય આવશે જયારે હું પણ ગઝલ-હઝલ લખીશ અને એક દિવસ બ્રિટનની ધરતી પર મારો ગઝલ-હઝલ સંગ્રહ પ્રકાશિત થશે.

બ્રિટન ખાતે લખાયેલી મારી રચનાઓના સંગ્રહ From London With Love શિર્ષકથી વાંચકોને કુતૂહલ થાય એટલે અત્રે ખુલાસો કરવાનું યોગ્ય સમજું છું. વર્તમાન યુગમાં ગુજરાતી ગઝલનું ક્ષેત્ર ઘણું વિસ્તૃત થઇ ગયું છે. વર્ષો પર્યંત ગુજરાતી સાહિત્યક્ષેત્રે ગઝલ વધુ ને વધુ કૂચ-કદમ કરતી આવી છે.'ગમે જાના' અને 'ગમે દોરાં 'થી આગળ વધી આજે ગઝલ ગુજLISH દોરમાં પહોંચી ગઇ છે. 'you name it, it is there'! સમયના વહેણ સાથે ગુજરાતી ગઝલમાં ઘણો વળાંક આવ્યો છે-ગઝલમાં વિષય વૈવિધ્ય આવ્યું છે. અંગ્રેજી, ઉર્દૂ, હિંદી, ફારસી વગેરે દરેક ભાષાના શબ્દો ગુજરાતી ગઝલ-હઝલમાં સ્થાન પામવા લાગ્યા છે એટલે સુધી કે લાહોર પાકિસ્તાનના શાયર 'ઝફર ઇકબાલે' હાલમાં ૧૨૧ ઉર્દૂ ગઝલ ગુજરાતી કાફિયા-રદીફ સાથે લખીને દીવાન બહાર પાડયો છે. મારા સંગ્રહમાં પણ અંગ્રેજી -ઉર્દૂ- અને હિંદી શબ્દોનો ઉપયોગ થયો હોવાથી તમે ઉપરોક્ત કથનનો સુમેળ જોઇ શકશો.

૧૯૯૧માં જગ-વિખ્યાત સાક્ષર ડો. આદમ ઘોડીવાલા, શાયર ખ્યાત'અદમ ટંકારવી'નું યુ.કે.માં આગમન થયું. ગઝલની દુનિયામાં અમેરિકા, બ્રિટન, કેનેડા, મસ્કત, દુબઇ અને ઇન્ડીઆ વગેરે દેશોમાં 'અદમ'ટંકારવી ઘણું મોટું નામ ગણાય છે. બ્રિટન સ્થાયી થયા પછી જ.અદમ ટંકારવી થકી ગુજરાતી-અંગ્રેજી મિશ્રિત 'ગુજLish' ગઝલની શરૂઆત થઇ. આમ અદમ'ગુજLish' ગઝલના pioneer ગણાય અને એનાથી પ્રેરાઇને મેં પણ અમુક કૃતિઓમાં અંગ્રેજી શબ્દોનો વિનિયોગ કરેલો છે.

સંગ્રહમાં ગઝલના માધ્યમ ધ્વારા 'દર્દે દિલ'ની વાત થી લઇને 'સમાજસુધારણા' તરફ સંકેત કરતી હઝલો અને મુકતકો, ઉપરાંત 'સુનામી' Tsunami જેવા દરિયાઇ ધરતીકંપની હ્રદયદ્રાવક નઝમ, ભારતમાં થયેલા 'પ્લેગ' Plague' વખતે લંડન હિથ્રો એરપોર્ટ પર 'Air-India'ના પ્લેન પર પેસેન્જર ઊતરતાં પહેલાં દવા છાંટવાની કરવામાં આવતી કાર્યવાહી, અને બ્રિટીશ સરકાર તરફથી હાલમાં 'સીટીઝનશીપ' citizenship મેળવવાના કાયદામાં કરવામાં આવેલા સુધારા પરત્વે 'મણિબેન English શીખવા જાય છે' વગેરે જુદા જુદા વિષય પર અહીંનું ચિત્ર રજૂ કરતી રચનાઓના અનુસંધાનમાં સંગ્રહને આપવામાં આવેલું નામ 'From London With Love' - જનાબ 'કદમ' ના શબ્દોમાં 'સાત સમંદર પાર લંડનથી સ્નેહ-સભર સોગાત' ગુજરાતી ગઝલ રસિક શાયરીના શોખીન વાંચકોને ગમશે એવી આશા છે-

ગઝલ રસિક મિત્ર અબ્દુલ અઝીઝ ઝુમલા જે વ્યવસાયે ફાર્મસીસ્ટ (chemist) છે પણ શૅરૉ-શાયરીમાં રસ ધરાવે છે અને પોતે અંગ્રેજી કવિતા લખે છે.

તેમના તરફથી મારી અમુક રચનાઓનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. મારી ગઝલ-હઝલ સાંભળીને અને મારા તરફથી એનો ભાવાર્થ જયારે એમને સમજાવવામાં આવ્યો તો એનાથી પ્રભાવિત થઇ મારી કેટલીક કૃતિઓનું એમણે અંગ્રેજી રૂપાંતર કર્યું છે."From London With Love"ની પ્રાસ્તાવિકમાં 'ખલીલ ધનતેજવી', 'કદમ' ટંકારવી, 'મહેક'ટંકારવી, 'અદમ'ટંકારવી, 'અઝીઝ ટંકારવી'-તંત્રી ગુજરાત ટુડે(દૈનિક), 'સૂફી મનુબરી', 'અઝીઝ ઝુમલા', 'ઇમ્તિઆઝ પટેલ', 'વિનય કવિ', 'પથિક સિતપોણવી', 'પ્રફુલ અમીન',અને 'દિલીપ ગજજર', તરફથી ઘણું બધું કહેવાયું છે. એટલે સંગ્રહમાં રજૂ થયેલી રચનાઓ વિષે મારે વધારે કંઇ કહેવાનું રહેતું નથી.

મારા આ પહેલા સંગ્રહના પ્રકાશન માટે વિખ્યાત ગઝલકારો 'કદમ', 'મહેક',અને 'અદમ' જે ગુજરાતી ગઝલની દુનિયામાં ઉચ્ચ સ્થાને બિરાજમાન છે અને જેમણે મને ખૂબ પ્રોત્સાહિત કર્યો છે તેનો સ્વીકાર કરવામાં મને જરાય સંકોચ નથી. અને હું એ ત્રણેય ગઝલકારોનો હૃદયપૂર્વક આભારી છું.

ગુજરાતી પત્રકારત્વના સંદર્ભે 'ગુજરાત સમાચાર' અને 'Asian Voice' ના તંત્રી શ્રી સી.બી.પટેલ અને Executive Editor કોકિલા બહેન પટેલ સાથે પંકજ અને ભારતી વોરા તરફથી બહુમાન કરતાં શ્રી જશભાઇ સાહેબના હસ્તે લંડનમાં મને 'સંસ્કાર ગરિમા' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો તે બદલ હું તેમનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.સન ૧૯૮૩મા નર્મદ શતાબ્દી સમ્મેલનમાં ગુજરાતી સાહિત્ય અકાદમી ના મહામંત્રી શ્રી વિપુલ કલ્યાણી તરફથી મને પરિતોષક એનાયત કરવામાં આવ્યો હતો તે બદલ વિપુલ અને અકાદમીનો પણ આ તબકકે આભાર માનવો હું જરૂરી સમજું છું.

સામાજિક તેમજ સાહિત્યિક ક્ષેત્રે મારી કારકિર્દી દરમ્યાન અગણિત શુભેચ્છકો અને દોસ્ત-બિરાદરો સાથે મિત્રતાની જે દોર બંધાઈ છે તે હમેશાં અતૂટ રહે એવી હરહંમેશ દુઆ છે. આ તબકકે હું એ તમામ મિત્રો જેમાં બ્રિટનના તમામ કવિ મિત્રો, સાહિત્યકારો અને શુભેચ્છકોનો પણ સમાવેશ થાય છે તે દરેકને સ્નેહવંદન પાઠવું છું. જો નામાવલી રજૂ કરૂં તો ઘણું લાંબું લિસ્ટ બની જશે એ કારણથી દરેક મિત્રોના નામો આપવાનું અસંભવિત બન્યું છે.

લંડન (London) ઘણા દેશોમાં પ્રચલિત નામ છે અને ખાસ કરીને ઇન્ડો-પાક ઉપખંડમાં (sub-continent)તો એ જીભે રમતું નામ છે એટલે "ફ્રૉમ લંડન વિથ્ લવ" શિર્ષક વાંચીને કુતૂહલતા સંતોષવાની દ્રષ્ટિએ પણ વાંચકો સંગ્રહને આવકાર આપશે તો હું એને મારી સફળતા સમજીશ-

'સિરાજ' પટેલ પગુથનવી
92 Higher Swan Lane
Bolton
U.K. BL3 3AT
siraj_patel@ntlworld.com

Siraj Patel"Paguthanvi"

હાથમાં કાગળ કલમ રાખો હવે

સ્નેહ – સંબંધ જાળવી રાખો હવે
દંભ છોડો દિલ નરમ રાખો હવે

ઠોકરો છે જિંદગીની રાહમાં
ફૂંકી ફૂંકી ને કદમ રાખો હવે

આપ પર યૌવન નિછાવર થઈ ગયું
આંખોમાં લજ્જા શરમ રાખો હવે

તીર – ભાલા ફેંકી દો ખંજર અને
હાથમાં કાગળ – કલમ રાખો હવે

અવનવી કોઈ ગઝલ સંભળાવી ને
'સિરાજ ' મેહફિલને ગરમ રાખો હવે

નિછાવર :(હિંદી ભાષાનો શબ્દ) –
ન્યોછાવર :(ગુજરાતી ભાષાનો શબ્દ)

હાથમાં કાગળ કલમ રાખો હવે

The Pen Is Mightier Than The Sword

Love, thy near &   your dear, always be most sincere
Respect would make enmity and all hate disappear

Life is surely, rough and tough and a bumpy ride
Watch your every step my friend and your every stride

You spent ………….your youth, .. …... ..so carelessly
Now……………..live the rest, …………with dignity

Put down————— your weapons, —be rest assured
The PEN is——— mightier – then —— the SWORD

“SIRAJ’s - - - - - - - - - - - - —poem,- - - - - not his prose
Will keep———— this audience ————on its toes

Gujarati Gazal by :“Siraj Patel Paguthanvi”
English Translation By Aziz Zumla

જિંદગી ની સફર

કદી સુખ કદી દુ:ખ આ કેવી ડગર છે
ફના જિંદગીની અનોખી સફર છે

છે લાલચ ઘણી ને ઘણી મોહમાયા
હકીકતમાં નફસાનિયતની અસર છે

ભલાઈ કરી જે સિધાવ્યા જગતથી
તે વ્યક્તિના નામો હજુ પણ અમર છે

દુ:ખોના પહાડો છતાં પણ હસું છું
એ હિંમત છે મારી ને મારૂં જિગર છે

કહી દો ગમોના એ વાદળ ને 'સિરાજ'
જયાં આવીને થોભ્યાં તે મારૂં જ ઘર છે

જિંદગી ની સફર

Life is what you make of it

A bit of Sun and a bit of rain
Such is life! The toll & Strain

We are overcome by greed
Wanting more -&- more indeed

Only those whose deeds are good-
Are remembered as they should

All this pain - I can shake it!
I can take it – I can make it

The pain can rain, on every plain
"Siraj" can take it again & again

Gujarati Gazal by: "Siraj Patel Paguthanvi
English Translation By Aziz Zumla

દીપક જલાવી ગઈ

નિરર્થક મારા જીવનને હવે સાર્થક બનાવી ગઈ
નિરાશામાં એ આશાના ઘણા દીપક જલાવી ગઈ

તમન્નાઓના મહેલાતો હતા અંધકારમય કાલે
નવીન કોઈ રોશની દિલમાં હવે ભરપૂર આવી ગઈ

હતું વિખરાયેલુ મારૂં ચમન રસહીન ને સૂમસામ
બનીને એ બહાર ઉમ્મીદના ફૂલો ખીલાવી ગઈ

ઊઠે જો દર્દ તો એમાં મને આનંદ આવે છે
નયનથી તીર છોડીને મને ઘાયલ બનાવી ગઈ

હવે તો રાત –દિ એના વિચારોમાં રહું છું ગુમ
મને 'સિરાજ' મારી પ્રેમિકા પાગલ બનાવી ગઈ

દીપક જલાવી ગઈ

Shining Rays of Hope

A Brand New Dawn is born again, helping me to cope
Turning darkness into light, with shining rays of hope

All my hopes & aspirations, hidden in the dark
You came & lit up in my life, with your caring spark

My lonely, shattered, barren life was full of empty sound
Till you came with floral gifts, & turned my life around

Oh my restless pining heart, you can rest at ease
SHE has surely, with hercharm, brought you on your knees

You are lost, Day & Night, in her thoughts 'Siraj'
It is LOVE, ….that has turned, ...to ecstasy 'Siraj'

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation By Aziz Zumla

સાગરનો તાગ ના મળે ડૂબી ગયા વિના

પાપી હૃદયને જાતે અજવાળી નાખશો તો
ધોવાય જાશે પાપ પણ કાશી ગયા વિના

મળશે નહીં જીવનમાં અમનો અમન કદી પણ
લાલચ ને મોહમાયા વીસરી ગયા વિના

ચાલ્યા ગયા જગત થી ઉમરાવ બાદશાહો
ધન – સંપતિ ખજાનો બાંધી ગયા વિના

મળશે તો ચેન કઈ રીતે મળશે કહો ‘સિરાજ’
દુનિયાના ઝંઝાવાતથી છૂટી ગયા વિના

અમનો અમન : શાંતિ -peace of mind

સાગરનો તાગ ના મળે ડૂબી ગયા વીના

Unless one gets to the bottom of the ocean, its depth can never be realised

To cleanse your heart, from within, never will you need
To visit KASHI, All The way, To carry out this deed

Happiness & peace of mind, you will never find
Till you're rid, of all the greed, from body, soul & mind

They've come & gone, with empty hands, all the Lords & Kings
Not a penny, have they took, as they spread their wings

Release yourself; let it go, release you - SIRAJ
& Peace of mind, you will get, immediately - SIRAJ

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation By Aziz Zumla

KASHI— a city in India -Hindus go there for pilgrimage – to wash their sins in the river Ganges

હસીન આ રાત થઈ જાયે

તમે સામે રહો તો દિલની બે–ચાર વાત થઈ જાયે
હજારો તારલા ચમકે હસીન આ રાત થઈ જાયે
ઉઠાવો જો તમે પાંપણ તો ચમકે સૂર્ય ચારે કોર
ઝૂકાવી દો જો પાંપણ તો એ મધરાત થઈ જાયે

હસીન આ રાત થઈ જાયે

The Beauty is in the Eyes of the Beholder

O My Sweet let us meet
And Whisper Sweet Nothings,
And Set Alight, A Myriad Stars
And See What Magic Springs

The blazing Sun and All its Rays
With Your Gaze, You Set Ablaze
Lower Your Gaze, & The Rays
Is nothing But a Misty Haze?

Gujarati Muktak by :“Siraj Patel Paguthanvi”
English Translation By Aziz Zumla

મહોબ્બતની મંઝિલ

તમારી પ્રેમ – દ્રષ્ટિ એટલી સંગીન લાગે છે
મને આજે મધુવન પ્રેમનું રંગીન લાગે છે

પ્રભાતે ઑસનાં બિંદુ હસી રહ્યાં છે ચારે–કોર
ઝલક ગુલશન મહીં આજે બહારોની જ લાગે છે

ચુરાવી લીધું છે જોબન તમારૂં ફૂલોએ તેથી
મને આજે મધુવન પ્રેમનું રંગીન લાગે છે

મેં ગુથી લીધા કેવા કેવા શબ્દો એની યાદોમાં
ગઝલ મારા પ્રણયની પૂર્ણતા અધીન લાગે છે

કહી દઉં અંતે હું 'સિરાજ' મારી પ્રેમિકાને કે
મને આ જીંદગી મારી ઘણી 'શીરીન' લાગે છે

ઑસનાં બિંદુ: ઝાકળનાં ટીપાં
'શીરીન' : મીઠાશ – સ્ત્રી નું નામ

મહોબ્બતની મંઝિલ

Destination of LOVE

Your loving heart & care for me, and your estimation
Have drawn me ever closer now – to my destination

In early morning dew, a magic smile I found
Bringing forth a day of spring & wonders all around

Reflections of your magic spell in every flower I find
In every step that I take, in body, soul & mind

I know not what, makes me write, as I think of you
It seems to me that as I write, I take my cue from you

Say your final word “SIRAJ” and say for now farewell
And take with you, for ever now, this everlasting spell

Gujarati Gazal by :“Siraj Patel Paguthanvi”
English Translation By Aziz Zumla

પ્રણય નું દર્દ

એ મીઠું દર્દ છે એનું મલમ કયાંથી હું લાવી દઉં
મહોબ્બત દર્દે–દિલનું છે ફકત બંધન બતાવી દઉં

જગતમાંહે પ્રણયનો સિલસિલો સદીઓ પુરાણો છે
ફકત પૂરી કરૂં છું રસ્મ દુનિયાને જણાવી દઉં

સિસકતા દિલની કોઈ મીઠી ગઝલ છેડીને આજે તો
હું કોમળ પ્યારના અલ્ફાઝ દુનિયાને સુણાવી દઉં

જુનું ની જુસ્તજુથી દિલમાં કેવા વલવલા જાગે કે
મૈકશ હું બનીને દર્દો–ગમ સઘળા મિટાવી દઉં

વફા કુરબાની છે બદલાની કોઈ આશા નથી ' સિરાજ '
જીગરને છેદીને આજે જીગરનું ખૂં વહાવી દઉં

અલ્ફાજ: શબ્દો જુનુંની જુસ્તજુ: પ્યારની વિહવળતા રસ્મ : રસમ
મૈકશ: નશામાં ચૂર ખૂં : લોહી સિસકતા દિલની: ધડકતા દિલની
સિલસિલો: રીત રિવાજ વલવલા: સળવળાટ

પ્રણય નું દર્દ

Tender feelings of LOVE

Where can I, find the cure, for all the pain of Love
Love is nothing but a bond, a gift from high above

Love is what has made this world & all in it I swear
As I see fit, I do my bit, to all I do declare

Let me soothe my restless heart, with this poem of mine
With tender words, to share with you, & to make them shine

What emotions lye within! In this frame of mind
I would love to share this cure, for everyone to find

A Sacred Love is a Sacrifice, with no Reward "SIRAJ"
Let your blood, sweat & tears flow & flow "SIRAJ"

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation by Aziz Zumla

દર્દે–દિલ

દિલથી મળ્યું દિલ તડપ વધતી ગઈ જયાં ઈશ્કમાં
અલવિદા કહીને વિરહની વેદના આપી ગયાં

એમના એકજ ઇશારે હું તો ઘાયલ થઇ ગયો
દર્દે – દિલ વધતું રહે એવી દવા આપી ગયાં

ખૂને જિગરથી સિંચયો છે પ્યારનો ગુલ્શન અમે
મારા જ દિલની કેટલીયે વાત એ તો કહી ગયાં

ઇશ્કના મઝધારમાં તુફાનનો શું ડર હવે
સાહિલ બની મલ્લાહને સાહિલની આશ આપી ગયાં

શીરીન શબ્દો કેટલાયે દિલને બહેલાવી ગયા
'સિરાજ' ને કેવી બીમારી ઇશ્કની આપી ગયાં

દર્દે–દિલ

Sensational sweet feelings of Love

Your Love for me has left me here, yearning all the more
You left behind an aching heart, throbbing all the more

All it took, was just one look to wound my heart for good
A rising pain, from deep within, for ever & for good

Love has blossomed in our life, filled with tender feelings
You reflect in every way, all my inner feelings

Why should I fear, tempestuous seas! In you, all hope I find
You are there –my port, my shore- I have this peace of mind

Sweet & tender words from you, have soothed my ailing heart
What kind of ill, O SIRAJ! Has struck your aching heart?

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation ByAziz Zumla

દુ:ખ–દર્દ ની આહો ભરવા દે

સદીઓથી આ ધરતી રડતી રહી આકાશને આજે રડવા દે
વીજળીની ઝબકમાં જીવનનો નવનીત ઈશારો જોવા દે

મધદરિયે ભંવરમાં અટવાયો નૌકાને કિનારો મળતો નથી
જીવન ને મરણની ડૂબકીમાં તુફાં ની ઝલક તો જોવા દે

સૂરજના કિરણથી ઘાયલ થઈ ટમટમતા સિતારા ખત્મ થયા
રૂંધાયેલા કોમળ દિલને કંઈ દુ:ખ–દર્દની આહો ભરવા દે

મયખાર તને છે મારી કસમ બે ઘૂંટ વધુ કંઈ પીવા દે
દુ:ખ સુખની નશીલી લહેરોમાં મસ્તીનો નઝારો જોવા દે

બેચેન હૃદયને ચેન મળે સાકીના છલકતા જામ વડે
'સિરાજ' શરાબી થઈને તું દીવાનગી તારી જોવા દે

શરાબી થઈને: વિચારોના નશામાં ચૂર થઈને

This Gazal was presented by Siraj Patel in 1983at Gujarati Sahitya Parishad Leicester U.K.- "Narmad Shatabdi" celebration

દુઃખ–દર્દ ની આહો ભરવા દે

Let my saddened heart release a tearful sigh

The Earth has cried all day & night, Now let the heavens flood with might
In a lightning flash of light, let me see a brand new sight

My helplessness is like a boat, lost in a stormy sea
Show me an inkling of your might, before I drown in thee

The Bright sunlight has overcome, the twinkling stars so high
Let my broken, saddened heart release a tearful sigh

O Saqi! I swear by thee let me drink some more
Let the changing waves of life, realise the score

As you quench my thirst let me, drown my sorrow now
And happily with a drunken smile, take my final bow

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation By Aziz Zumla

નફ્સ

જિંદગી એક કેદ છે દુનિયાના કારાગારમાં
માનવી રહેંસાઇ રહ્યો છે દુ:ખી સંસારમાં

લાલસા – લાલચ ને માયા કામ કઇં ના આવશે
નફ્સ પર કાબુ કરી લે તું આ નર્કાગારમાં

તું એ જાણે છે કે દુનિયા એક ફાની ધામ છે
તો પછી અટવાય શાને નર્યા પાપાગારમાં

છે જવાનું આખરે બે ગજ કફનની આડમાં
શીદને લાલચ તું કરે છે આ દુ:ખી સંસારમાં

તું હૃદય પાવન કરી લે ને ખુદાને યાદ કર
ડર ન રહેશે લેશ પણ તુફાન કે મઝદારમાં

ગર સિરાતે મુસ્તકીમને દિલથી તું અપનાવશે
મગફેરત તારી થશે અલ્લાહના દરબારમાં

અલ્લાહની માફી મળે છે ફકત પ્રશ્ચાતાપથી
'સિરાજ' તું ડૂબકી લગાવી દે આ સ્નાનાગારમાં

સિરાતે મુસ્તકીમ: સીધો રસ્તો –ગુનાહ વગરનો રસ્તો
મગફેરત: માફી ગર: અગર સ્નાનાગાર: પ્રશ્ચાતાપનું સરોવર
ફાની ધામ: ખેદાન મેદાન થઇ જવા વાળી જગ્યા

નફ્સ

Ecstasy-rapturous delight-emotional frenzy of soul

You live a life of Wrong & Evil yet you have no gain
You are trapped, in this world of self inflicted pain

All this greed, lusts & power - is only an illusion
Control yourself. Find the way! - That's the right solution

Even though, you all know, all this will be ending
Why do you take the crooked road that you will keep defending?

In the End, except a shroud, nothing will you take!
Rid yourself of worldly greed, & make the final break

You will ride every storm & every situation
All you need, is think of God & his mighty station

Take the path, He has shown, the straight & only way
He will take you by the hand, & lead you all the way

SIRAJ! Take the dive & clean your soul, by taking right ablution
End the sentence, seek repentance & find right solution

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation By Aziz Zumla

નવી બોટલમાં
જુની હું મદિરા લઈને આવ્યો છું

હઝલ સીધી અને સાદી મજાની લઈને આવ્યો છું
સમય થોડો છે તેથી વાત ટૂંકી લઈને આવ્યો છું

નવા યુગના નવા નુસ્ખાઓ સામે રાખીને આજે
નવી રીતો બટાકા બાફવાની લઈને આવ્યો છું

પુરાણી રીતે ખિસ્સાઓ ઘણા કાપે છે મારા ભઈ
નવી એક રીત ખિસ્સા કાપવાની લઈને આવ્યો છું

એ ભૈરવ છે કે છે આશાવરી એનું નથી કઈં ભાન
છતાં કહે છે અનોખી રાગિની હું લઈને આવ્યો છું

જૂની આંખે તમાશા નિત નવા જોઈ કહે ' સિરાજ'
નવી બોટલમાં જુની હું મદિરા લઈને આવ્યો છું

રાગીની : રાગણી

નવી બોટલમાં
જૂની હું મદિરા લઈને આવ્યો છું

Old wine in a new bottle

With simple rhythm & its rhyme, my poem's simple and it's fine
I shall cut the story short, for want of precious time

As you chop & change the way, of cooking your tomato
I will show you - a brand new way of frying your potato

Two + two would be four, but I can make them five
There is more, than one way, to skin a cat alive

You Play a note, Here & There, & claim to know the lot
A ragha here & a ragha there, pretending to be hot

Filling Bottles O Siraj - With Old & Golden wine
Surely is, an old trick, without the sparkling wine

Gujarati Gazal by :"Siraj Patel Paguthanvi"
English Translation By Aziz Zumla

Ragha = *Indian Classical musical note*

U.K. માં British 'Citizenship' માટે 'English' નો ટેસ્ટ ફરજીયાત થતાં જે હાસ્યમય છબરડા વળે છે તેને અનુલક્ષીને રચાયેલી હઝલ Siraj Patel "Paguthanvi"- February 2006 for MATV SKY Digital Tv Mushaira -UK - Channel 793 – - August 2006

'English' શીખવા જાય છે

******

'What' માં ને 'Why' માં ગૂંચવાય છે
લ્યો, મણિબેન 'English' શીખવા જાય છે
B...U...T લખીએ તો એ BUT વંચાય છે
C...U...T લખીએ તો એ CUT વંચાય છે
કિન્તુ જયારે P...U...T લખીએ છીએ
હાહરૂં'પટ'નહીં પણ'પુટ'અહીં વંચાય છે

'Spelling માં' એ એવાં ગોથાં ખાય છે
લ્યો, મણિબેન 'English' શીખવા જાય છે
પુસ્તકોને એ હવે 'Book'સો કહે
શિક્ષકોને પણ એ 'Teacher'સો કહે
હોય જો 'Nurses' તો નર્સો કહે
ખોખાં બે ત્રણ હોય તો બોક્ષો કહે

'Singular - Plural' માં એ અટવાય છે
લ્યો, મણિબેન 'English' શીખવા જાય છે
પારદર્શક કાચને એ તો બિલ્લોરી કહે
દોડતો હોય જો ખટારો, તેને એ "Lorry" કહે
ભૂલ કઈં થઈ જાય તો "Sorry" કહે
ગૂંચવણ જો ઉભી થાય તો, "Don't Worry" કહે

"By God" કહીને એ સોગંદ ખાય છે
લ્યો મણિબેન "English" શીખવા જાય છે

Contd..

"Please" કહીને શોપમાં એ શૅર રીંગણાં માગતાં
"How Much" કહીને ભીંડાનો ભાવ પણ ત્યાં પૂછતાં
સાથમાં પાલકની ભાજી, કોથમીર, તુવેરસીંગ પણ વીણતાં
એકાએક જો છીંક આવે, હાથ લંબાવીને "Tissue" માંગતાં

વાતે વાતે "Thank you" કે "Thanks" કહેતાં જાય છે
લ્યો મણિબેન "English" શીખવા જાય છે

"Are we Gujaratis losing our Cultural Identity !

સાડલો છોડીને એ તો, "Skirt" પહેરે છે હવે
મહેમાન આવે તો હમેશાં, "Piza" પીરસે છે હવે
ખીચડી–કઢીની જો કદી "Husband" ફરમાઈશ કરે
"You Shut Up" કહીને મણિબેન રોપ મારે છે હવે

અંગ્રેજી તાલીમની, આવી અસર અહીં થાય છે
લ્યો મણિબેન, "English" શીખવા જાય છે

******

'સિરાજ' આવું જોઈને, ચિંતામાં ડૂબી જાય છે
'અકબર ઈલાહાબાદી'ના એ શૅર મનમાં ગાય છે
ખાકે લંદન કી હવા એહદે–વફા ભૂલ ગએ
કૈક કો ચખ–કે, સવય્યોંકા મજા ભૂલ ગએ

દુનિયામાં ટેકનોલોજિકલ રીતે ઘણી તરકકી થઇ ચૂકી છે. વિશ્વના ઘણા દેશોમાં લોકશાહી સ્થાપિત છે. માનવતા અને ધાર્મિક હકકોની ચારે તરફ બાંગો પોકારાય છે. આ બધું હોવા છતાં એની સાથે સાથે જયાં જુઓ ત્યાં અંધાધૂંધ, કત્લેઆમ, મા અને બહેનોની ઇજજત–આબરૂ ની લુંટ, બાળકોની કારમી ચીસો વગેરે વગેરે દ્રષ્ટિમાન થતાં ’સિરાજ’ પટેલ ની કલમ આ રીતે વેગ પકડે છે:–

માનવતાનું છડેચોક અપમાન

કારમી ચીસોના પડઘા ચોતરફ સંભળાય છે
જયાં જુઓ ત્યાં ખૂનની નદીઓજ બસ રેલાય છે

ધર્મ ને જાતિના નામે ખુનામરકી થાય છે
માનવીના હાથે આજે માનવી વિંધાય છે

માં અને બહેનોની અસ્મત જયાં ને ત્યાં લુટાય છે
કુમળાં કુમળાં બાળકો પણ ગોળીએ દેવાય છે

ધર્મ નો સાચો સબક સઘળો ભૂલાતો જાય છે
માનવી માનવ મટી શેતાન બનતો જાય છે

અસ્મત: ઇજજત –આબરૂ

September/October ૧૯૯૪ માં ભારત અને ખાસ કરીને સુરતમાં ‘Plague–પ્લેગ’નો રોગ ફાટી નીકળ્યો તે અરસામાં ભારત –India થી આવતાં વિમાનોને હીથ્રો એરપોર્ટ લંડન પર [Heathrow Airport-London-U.K.]પેસેન્જરો ઉતાર્યા પહેલાં દવા છાંટવામાં આવતી હતી. આ બાબત ધ્યાનમાં લઈ રચાયેલી હઝલ.

Gujarati Mushaira - Blackburn -U.K. 14th October 1994 ….."HAZAL" by Siraz Patel

પ્લેગ — PLAGUE

‘Air-India’ આવતાં સત્વર દવા છંટાય છે
‘Plague’ભારત માં થયો અહીં ગોરિયા ગભરાય છે

ભૂલે ચૂકે ખાય લીધી જો તમે ઉધરસ કદી
સીધા ‘QUARANTiNE’ માં તમને ધકેલી જાય છે

‘Plague’માં ને‘Flu’માં સમજણ એમને પડતી નથી
એટલે તો આ દવાને તે દવાનો ‘Dose’દેતા જાય છે

‘All - clear - Clearance’ – મળતાં સુધી
સાજા તાજા એશિયન પણ ખોખરા થઈ જાય છે

જોઈને આવું બધું ‘ સિરાજ ’ પણ ગભરાય છે
કેવું આભડછેટ નું આ ભૂત અહીં દેખાય છે

ઇંગ્લેન્ડમાં શાદીના પ્રસંગોએ વધી રહેલા ખોટા ખર્ચાઓને અનુલક્ષીને રચાયેલાં મુકતક

'સિરાજ ' પટેલ પગુથનવી

ડસ્ટબીનમાં નાંખીશું

અમે તો લાલ ને પીળા બધે ફુગ્ગા ઉડાડીશું
પછી વરરાજાને મોટા મહારાજા બનાવીશું
ભલે સુદાનમાં ભૂખે મરે લોકો, અમારે શું
અમે તો દેગો ને દેગો અહીં ડસ્ટબીનમાં નાંખીશું

બારસો ખર્ચાય છે

લોક બિરયાની ને ઝરદો ખાય છે
મુસેભાઈની વાહ–વાહ કહેવાય છે
શાદીના ખર્ચાની તો વાત જ ન પૂછ
સ્ટેજમા જયાં **બારસો** ખર્ચાય છે

કેક કાપીશું

અમે તો સ્ટેજ પર બે મણનો મોટો કેક કાપીશું
ભગત નહીં, દેગડીમાં મૂકીને, મુખવાસ આપીશું
અમે વહોરા, ગમે છે મારવાનો વટ અમોને તો
ફરારી કે લિમોઝીન માં અમે બેસીને મ્હાલીશું

સનમ હોટલની કબાબમાં

આજે કરીમમાં તો કાલે નવાબમાં
પૂછો તો કહેશે ઘરનું કયાં ભાવે, જવાબમાં
ખાયા કરો ડેડી તમે આ દાળ રોટલી
દીકરાને મજા આવે સનમની કબાબમાં

સુદાન : આફ્રિકાનો એક દેશ
ફરારી અને લીમોઝીન : ઘણી મોંઘી મોટરકાર
ડસ્ટબીન : કચરાપેટી
કરીમ અને નવાબ - સનમ: માન્ચેસ્ટરમાં ખાવા–પીવાની હોટલ
સ્ટેજ : મંડપ

છે ઘણા એવા કે જેઓ યુગને પલ્ટાવી ગયા

ટીમરૂ – આસેત્રી પીતા હતા જે દેશમાં
તે હવે સીગરેટ ને પાઈપ પર આવી ગયા

દાઢી મૂંડાવીને જુઓ એ રોપમાં આવી ગયા
અભરામ ડોસા દેશમાં સુટ પણ પહેરી ગયા

ઉંમર હતી પાંસઠની ને દાંત પણ નકલી હતા
તે વતનથી સુંદરી પરણીને અહીં આવી ગયા

મોલવી સાહેબ પણ અહીં એટલા સુધરી ગયા
કે દીકરીને દહેજમાં એ વિડીયો આપી ગયા

બે ચાર બૈરાં દેશનાં બૈરીને બહેકાવી ગયાં
સોનાના એરીંગ હારનું ભૂત પણ ઘાલી ગયાં

વાઈફ કહે એલાઉન્સબુક તમને નહીં આપું હવે
તે સાંભળીને ટાંટિયા મારા હવે ભાંગી ગયા

કેટલા 'Tory' મહીં ને કેટલા 'Labour' મહીં
લોક – સેવાના અભળખે કોમ ડુબાડી ગયા

રાજકારણ, લોક – સેવા, નોકરી છોડી હવે
'સિરાજ' પણ લાઈનમાં અંતે અહીં આવી ગયા

સુટ : કોટ–પાટલુન–ટાઇ

Tory & Labour are two major political parties of UK

ચમકતો ને દમકતો
શાહજહાંનો મહેલ જોવા દે

શેખાદમ આબુવાલા
આ પંકતિ ધ્યાનમાં લઇ પ્રિયતમાને સંબોધીને'સિરાજ પટેલ'
તરફથી રચાયેલી ગઝલ

પ્યાર જોવા દે

રસીલી મારી સજનીનો મને શણગાર જોવા દે
દમકતા તાજની છાયામાં એનો પ્યાર જોવા દે

તું સંદરતમ છે અંતે તાજ પણ બોલી ઉઠયો આજે
ઝલક તારી નજાકતની તું વારંવાર જોવા દે

છબી લાવું નજરની સામે તારી કેટલી વેળા
છતાંયે દિલ મને કહે છે ફરી એકવાર જોવા દે

છલકતા જામની પેઠે ગઝલ ઉભરાય છે મારી
ગઝલનું રૂપ ધારણ કરતા આ અશઆર જોવા દે

કળી જાશે જગત 'સિરાજ' ના દિલની પરિસ્થિતિ
જરા તું એને મારો ભાવભીનો પ્યાર જોવા દે

અશઆર: પંકતિ –કળી –શેઅર નું બહુવચન
કળી જાશે: પામી જાશે – સમજી જાશે

તડપ

તડપી રહી છે યાદો ભીંજાય આંખડી છે
મારી ગઝલની જાણે નાજુકશી એ કડી છે

ચર્ચા કરે સિતારા રૂપરંગ જોઇ તારા
ફુરસદ હશે જ ત્યારે એણે તને ઘડી છે

નિર્દય બનીને કર્યું તેં ખૂન જે હ્રદયનું
તેમાં જ તારી સુંદર તસ્વીર મેં જડી છે

ઉપવનમાં માળી બન્યો, વેહશી ને ક્રૂર તેથી
ફૂલોની સાથ કળીઓ આજે ઘણી રડી છે

સંગત કરી લે ‘ સિરાજ ‘ સૂફી ને સંતની તું
જીવન છે સાવ ટૂંકું ને અણમોલ આ ઘડી છે

ખુદદાર થઈને જીવો

ગફલતને ફગાવી દો, બેદાર થઈને જીવો
છોડો આ હતાશાને, ખુદદાર થઈને જીવો

આ માનવી કુદરતનું છે સર્વ શ્રેષ્ઠ સર્જન
તેથી જ આ ધરતીનો, શણગાર થઈને જીવો

થઈ જાવ મિત્રો સામે, તો પુષ્પથી યે કોમળ
પણ દુશ્મનોની સામે, તલવાર થઈને જીવો

આ પંથ છે અજાણ્યો, અંધકાર ચોતરફ છે
અંધારા માર્ગે વીજનો ઝબકાર થઈને જીવો

બેસી રહો કિનારે, તો મોતી ક્યાંથી મળશે?
ઝંપલાવી દો જીગરથી મઝધાર થઈને જીવો

જો રાખ થઈ જશો તો પવન પણ ઉડાડી દેશે
તણખો બની ને ઉઠો, અંગાર થઈને જીવો

"Khuddar Banke Jio" **Urdu** version of Gujarati Gazal

by Siraj Patel "Paguthanvi"

ખુદ્દાર બનકે કે જીયો

ગફલત કો હટા દો બેદાર બનકે જીયો
છોડો યે નાઉમ્મીદી ખુદ્દાર બનકે જીયો

ઈન્સાન હૈ કુદરતકી તખલીક કા કરીશ્મા
ઈસ વાસ્તે ધરતીકા સિંગાર બનકે જીયો

જો કાંપતે થે કલ તક દેતે હૈં ધમકીયાં આજ
શેરોં કી તરહ શેરકી લલકાર બનકે જીયો

ગર બૈઠે રહે સાહિલ પે કૈસે મીલેગા મોતી
છોડો ભવંરકા ખોફ, મઝધાર બનકે જીયો

હય અજનબી યે રાહેં ચારોં તરફ અંધેરા
તારીકીયોંમે બીજલી ' સિરાઝ 'બનકે જીયો

તખલીક =Creation= પેદા કરવું-સર્જન કરવું

કઇ વાતની ચર્ચા કરૂં

સારૂં થયું કે આપ આ મેહફિલ મહીં આવી ગયા
આપના ચેહરાઓ મુજ શાયરને ગરમાવી ગયા
શું કહું, શું ના કહું, કઇ વાતની ચર્ચા કરૂં
કેટલા એવા વિષય દિમાગ ચકરાવી ગયા

કહેવાય ના

દૂબળી એ ભેંસને ડોબું કદી કહેવાય ના
વાતનું કયારે વતેસર થાય એ કહેવાય ના

ઊર્મિઓના હું મિનારા તો ચણું છું રોજ પણ
ઉલઝનો છે એટલી કે ચેનથી જીવાય ના

છે બલિહારી ઘણી પૈસાની દુનિયા માં બધે
એટલે સાચી શિખામણ કોઈને દેવાય ના

વધતો વધતો એટલો ગૂંચવાડો વધતો જાય છે
સીધી સાદી વાત પણ સીધી રીતે કહેવાય ના

'સિરાજ' પિપૂડી વગાડે એકતાની રોજ પણ
એ તો ગાજરની છે તેથી કોઈને સંભળાય ના

ઘોડે ચઢવા જાય છે

જોશમાં આવી અને જે ઘોડે ચઢવા જાય છે
એ પછીથી જિન્દગી આખી જુઓ પસ્તાય છે

ભાઈ મારો આવે ત્યારે એનું મોં ફુલાય છે
સાળો મારો આવે ત્યારે શ્રીમતી હરખાય છે

શ્રીમતીની સાડી લીધા વિણ જો જાઉં ઘેર તો–
એની આંખોમાં મને "No Entry" વંચાય છે

એટલું 'Perfume' લગાડી બહાર નીકળે છે જુઓ
લાગે કે 'Perfumes' ની દુકાન ફરતી જાય છે

ઠપકો આપો, આંગળી ચીંધી કહી દે 'You-shut-up'
આ 'Britain' માં શ્રીમતી ને કયાં કશું કહેવાય છે

'Pepsi' કે 'Coke' કઈં ભાવે નહીં 'સિરાઝ'ને
છાસ તાજી હોય તો એ ગટગટાવી જાય છે

તાબીર જોઉં છું

વરસો પછી હું આપની તસ્વીર જોઉં છું
લાગે છે એમાં મારી તકદીર જોઉં છું
જોઇ હતી જે સ્વપ્નમાં 'સિરાજ' રૂબરૂ
સાકાર લેતી ખ્વાબની તાબીર જોઉં છું

દર્દની આ જિંદગી ફાવી ગઇ

જોઉં છું આંખો મહીં તારી છબી આવી ગઇ
દિલમાં વસીને પ્રેમની એક જયોત સળગાવી ગઇ

ઝણઝણી ઉઠયા છે મારા દિલની વીણાના ય તાર
હોઠો પર આજે કોઇ મીઠી ગઝલ આવી ગઇ

તારી યાદોના મને દુ:ખ–દર્દ સઘળાં છે કબૂલ
મુજને મીઠા દર્દની આ જિંદગી ફાવી ગઇ

ખ્વાબોની દુનિયામાં રહીને કેટલો રાખે ખયાલ
'સિરાજ'ને મદિરા મહોબ્બતની એ પીવડાવી ગઇ

ખ્વાબોની દૂનિયા: સ્વપ્ન ની દુનિયા

મહોબ્બત નથી રહી

ઈખલાસ ને વહેવારની આદત નથી રહી
દુનિયામાં હવે બાકી મહોબ્બત નથી રહી

બે–ચાર દિવસનું જીવન–છે તોયે હાય હાય
પળવાર આદમી ને ફુરસત નથી રહી

જીવી રહ્યા છે લોક – અહંકાર –દંભમાં
ઈન્સાનિયતથી જાણે નિસ્બત નથી રહી

ગોઝારા આ જીવનથી થાકી ગયા છે લોક
લાગે છે જીવવાની હસરત નથી રહી

શું કામ વેડફો સમય 'સિરાજ' આમતેમ
શું જિંદગીની કોઈ પણ કિંમત નથી રહી

સુનામી — દરિયાઈ ધરતીકંપ - TSUNAMI -- 26th December 2004

'સિરાજ પટેલ' પગુથનવી

એક પળમાં માનવી ને માલિકે પડકાર્યો
દિલને એવો કારમો ઘા કુદરતે ફટકાર્યો
માઈલો–ના માઈલોમાં જળપ્રલય ફેલાવ્યો
'નુહ' નો જાણે જમાનો યાદ સૌને આવ્યો

પળમાં તાંડવ– નૃત્ય કરતું મૉત સામે આવ્યું
લાખ કોશિષ થઈ છતાં નમતું ન એણે આપ્યું
ભાઈ બહેન, માં બાપ,બાળક સૌને ઘસડી ચાલ્યું
ભરખી લીધું એક પળમાં જે ઝડપમાં આવ્યું

આ ધરા પર ટૂટી પડયું જાણે આજે આસમાન
ને મલેકુલ મૉત ઉતરી પડયા લઈને તીરકમાન
ભરખી લીધા માલદારો ને ગરીબો એકસમાન
અબળા નારી, ઘરડા લોકો,બાળકો ને નવજવાન

શું ગુનાહોની સજા તુજને મળી છે માનવી
ભૂલી ગયો કુદરતને તું મર્યાદા તેં ના જાળવી
ના બન્યો ઈન્સાન તું, – ઈન્સાનિયત ના કેળવી
તારી ભૂલોની સજા લાગે છે તેં અહીં મેળવી

મસ્તી – ઘમંડમાં માનવી તું કેટલો ચકચૂર છે
માની જા કુદરતની સામે તું ઘણો મજબૂર છે
ઉપરવાળો વહેંચવા રહેમો – કરમ આતુર છે
માગી લે એનું શરણ તારાથી એ કયાં દૂર છે

**સુધરી જવા કઈં કેટલી વેળા તને સમજાવ્યો
'સિરાજ' હઠ–ધર્મિપણાથી બાઝ તું ના આવ્યો
દિલ ને એવો કારમો ઘા કુદરતે ફટકાર્યો
'નુહ' નો જાણે જમાનો યાદ સૌને આવ્યો**

'નુહ' NOHA's ARC હઝરત નુહ અલૈહીસ્સલામ

ઇન્સાનિયતનું પારખું

શી ખબર આબાદ આ ઉજજડ ચમન કયારે થશે
ધર્મ ને જાતિના નામે
ખુનામરકી થાય છે
માનવીના હાથે આજે
માનવી વીંધાય છે
માં અને બહેનોની ઈઝઝત
ચો તરફ લૂંટાય છે
ને બિચારાં બાળકો પણ
ગોળીએ દેવાય છે
યુધ્ધ વાદળથી ગગન આ ચોખ્ખું કયારે થશે
શી ખબર આબાદ આ ઉજજડ ચમન કયારે થશે
સર્પના લીસોટા સમ
અજ્ઞાનતા અંધકાર છે
દંભ છે વિખવાદ છે
ને એજ અહંકાર છે
દુર્દશા સદીઓ પુરાણી
આજ પણ ભરમાર છે
છે નવાં વાજિંત્રો જૂની
એજ તો ઝન્કાર છે
પ્રેમ ને વહેવારની વાતો હવે કયારે થશે
શી ખબર આબાદ આ ઉજજડ ચમન કયારે થશે
તું ખુદા – પરમેશ્વર કે
ગોડ થી ડરતો નથી
પાઠ તું કુરઆન –ગીતા
ગ્રંથના કરતો નથી
ઉચ્ચ આદર્શો કદીયે
તું તો આદરતો નથી
એક તમાચે ગાલ બીજો
તું કદી ધરતો નથી
ધર્મ ને ઇન્સાનિયત નું પારખું કયારે થશે
શી ખબર આબાદ આ ઉજજડ ચમન કયારે થશે

પ્રેમ ની સમસ્યા

હ્રદયમાં છે જે ગેહરાઇ તે દર્શાવી નથી શકતો
વિરહની વેદના શબ્દોમાં વર્ણાવી નથી શકતો

ગુજારું છું જુદાઇની હું રાતો તડપી તડપીને
મનોમંથન હું મારા દિલનું બતલાવી નથી શકતો

પહોંચી હું ગયો છું આખરે કઇં એવી મંઝિલ પર
કે પાછા આવવા ધારું છતાં આવી નથી શકતો

મળી છે ધડકનો એવી તમારા દિલની ધડકનથી
સમસ્યા પ્રેમની ' સિરાજ' સમજાવી નથી શકતો

પ્રેમ બંધન

મોહબ્બતની કિતાબોમાં કરિશ્માઓ નથી હોતા
ને સાચા પ્રેમના કોઇ કદી બંધન નથી હોતા

નડે અંતરાય જયારે પ્રેમપંથ પર તો વિચારૂં છું
ગુલાબોના ફૂલો સાથે શું કાંટાઓ નથી હોતા?

હવે તો પ્રેમ હોડીમાં જઇ બેઠાં એ મધદરિયે
સનમ નાવિક છે તેથી તો ભંવરના ડર નથી હોતા

બની છે જયોત મુજ સજની બનાવીને મને દીપક
અમારે સાથ કાળી રાતના ઓળા નથી હોતા

જફા સેહવી વફા કરવી પ્રણયના સૌ નિયમ છે એ
કે સાચા પ્રેમના કોઇ કદી બંધન નથી હોતા

ગઝલ ’સિરાજ’ હંમેશાં લખે ‘શીરીન‘ શબ્દોથી
સુરમ્ય તાઝગીવાળા બીજા શબ્દો નથી હોતા

શીરીનઃ મીઠાશ...સ્ત્રી નું નામ

સહારો

પ્રેમને જયારે વફા નો સાથ મળતો જાય છે
સિલસિલો એ પ્યારનો મજબૂત બનતો જાય છે
બિન સહારે ઝોલાં ખાતી ને હતી અટવાયેલી
'સિરાજ' નૌકા ને કિનારો આજ મળતો જાય છે

દિલનો કરાર સમજો

ખીલ્યાં છે ફૂલો હજાર સમજો
ગુલશનમાં આવી બહાર સમજો

હવે બંધ આંખો ખોલીજ નાખો
જાગ્યા છે ત્યાંથી સવાર સમજો

છે જૂઠા અહીં વાયદા દિલબરોના
છતાં એને દિલનો કરાર સમજો

આ કયાં અહર્નિશ બળે છે દીવા
કોઈ આશિકની એ મઝાર સમજો

ઝૂકેલાં એ પાંપણ, ને શર્મીલી આંખો
મહોબતનો 'સિરાજ' ઈકરાર સમજો

પ્રેમિકા–પ્રેમ–વિહવળતા

હું દૂર છું કે તારા સમીપ મને ખબર નથી
આ સ્વપ્ન છે કે વાસ્તવિકતા મને ખબર નથી

પ્રેમ બાહુપાશમાં જકડાઇ મન ચડયું છે હીંડોળે
પ્રણય સ્વાધિનતા છે કે પરાધિનતા મને ખબર નથી

દુનિયા એની એજ છે ને એનો નિત્યક્રમ પણ એજ
હું બદલાય ગઇ છું કે મારી અસ્તિત્વતા મને ખબર નથી

દિલ ને નિહાળવાની દ્રષ્ટિ પ્રાપ્ત થઇ ફકત પ્રેમ માર્ગે
શું મારામાં હતી આ સાર્થકતા મને ખબર નથી

સનમના સાનિધ્યથી દિલમાં ઘુઘવતો આ મહાસાગર
જાણે બની ગઇ સનમ ની બંધનકર્તા મને ખબર નથી

ગઝલની અસર છે

ક્યાં આવી ગયો છું, આ કેવું શહર છે
અહીં ભીડ ઝાઝી ને સૂનું નગર છે

પરેશાનીઓ છે, ને છે નફ્સા નફ્સી
જીવનમાં હવે કોઇને ક્યાં ખબર છે

ને ઇન્સાનિયત પણ રૂંધાઇ રહી છે
જીવ્યું કે મર્યું કોણ ! કોને ખબર છે

છે ચારે તરફ કેટલી અફરા–તફરી
ગળુ કાપનારી દરેકની નજર છે

ને ડોલી રહ્યા છે અહીં શાયરો પણ
આ 'સિરાજ' તારી ગઝલની અસર છે

INTEGRATION

હવે નફરતનું આ વાદળ, હટી જો જાય તો સારૂં
પરસ્પર એકતા જેવું હવે જો થાય તો સારૂં
તમે, ગોરા કે કાળા, એશિયન કે આફ્રિકન હો
હરએકના લોહીનો રંગ લાલ છે સમજાય તો સારૂં

Lancashire College of Adult Education– Chorley-U.K.

I (Siraj Patel) was a TUTOR at the Chorley College of Adult Education,U.K teaching GUJARATI And URDU to in-service Teachers, Local Government Officials, Police, Social workers etc. (Aug 1985) During one of the language courses, I met Miss Elinoir –lecturer– Manchester University. Over a cup of coffee we discussed status of Poetry in Gujarati Language and to satisfy her curiosity I wrote the following Poem and dedicated it to her.

Siraj Patel Paguthanvi,B.A.

જગતની વિવિધ ભાષાઓ અને મેઘધનુષ

ઉંચે ગગનમાં બાજ પક્ષી ઉડી રહ્યું છે
કલ્પના સાગરમાં ડૂબી કઈંક વિચારી રહ્યું છે

સુંદર અને સોંદર્યમય જોયું છે મેઘધનુષ
જગતની સર્વ ભાષા એમાં વાંચી રહ્યું છે

સાથે ભળી જાશે બધા રંગો તો સુંદરતા વધી જાશે
વિચારીને હર એક રંગમાં એ રંગાઈ રહ્યું છે

શીખી લઉં જો વિવિધભાષા જગતની તો પછી
થઈ જઈશ પાવન, બાજને દેખાઈ રહ્યું છે

દોરવું છે માનવીનું ચિત્ર દોરાતું નથી

..પતિ–પત્ની વચ્ચે વાર્તાલાપ

બહેરા થયા છો શું તમે કાને સંભળાતું નથી
શું કહું તમને, મને બસ કાંઈ સમજાતું નથી
ઘરમાં આટો દાળ ને –મગ તેલ પણ ખૂટી ગયા
પ્યાજ ને આલુ ના ભાવો કેટલા ઊંચે ગયા
ગેસ ઈલેક્ટ્રીક પેટ્રોલની વાત તો કરવી જ શી
દહાડો ઉગે આસમાને એના ભાવો થઈ ગયા
ગ્રોસરી વાળા હસી ને કેવા ભરમાવી ગયા
ભડદાં જેવી કેરીઓનું બોક્ષ એ આપી ગયા

વાઈફ કહે મારા થી આવુ કાંઈ વેઠાતું નથી
બહેરા થયા છો શું તમે કાને સંભળાતું નથી
રોજના કંકાશનું કોઈ મૂળ પકડાતું નથી
કોઈથી પણ એકબીજાનું વેણ વેઠાતું નથી
મમ્મી ડેડી પણ હવે તો રોજ લડતા થઈ ગયા
બાજુવાળા સાંભળીને ગેલમાં આવી ગયા
રોજના કજિયાને એ તો ટેપ કરતા થઈ ગયા
ચોરે ચકલે ટેપની એ વાત કરતા થઈ ગયા

કેવા માણસ છે પડોશી એજ પરખાતું નથી
બહેરા થયા છો શું તમે કે કાને સંભળાતું નથી
ચડસા ચડસીમાંથી પીછેહઠ કોઈ કરતું નથી
તારી–મારી માંથી નવરૂં કોઈ પણ પડતું નથી
એકબીજાની કાઢવામાં કોઈ ખચકાતું નથી
સારી વાતોમાં કોઈનું મન પરોવાતું નથી
વિખરાએલી આ કોમને એક કરવી કઈ રીતે
ભાઈ–ચારા સંપની કોઈ વાત કરવી કઈ રીતે

'સિરાજ' તું ઢમઢમ વગાડે એકતાનું ઢોલ પણ
બહેરાપણું છે એટલું કે કાને સંભળાતું નથી

ત્રણ જણા હાજર હજૂર

નોકરી લઈને મહેલની, જે કરી આવે છે દૂર
એમને રાખી શકે, સિકયોરીટી, કઈ રીતે દૂર
મહેલમાં રાણી ના શું ચાલે છે જોવું છે 'સિરાજ'
એક કપ કોફીને માટે ત્રણ જણા હાજર હજૂર

*

કહે છે લોકશાહી છે

હવે દુનિયામાં કયાં કોઈ બાદશાહ કે બાદશાહી છે
નજર જયાં પણ પડે ત્યાં એકલી તુમારશાહી છે
જગતમાં જોઈ લો કેવી આ સરમુખત્યાર શાહી છે
ફકત દાદાગીરી છે, પણ કહે છે લોકશાહી છે

*

પડાપડી છે

પોકળ છે કોલાહલ ને પોકળ રડા–રડી છે
શાની ધમાલ છે આ શાની તડાતડી છે
જોઇને દ્રશ્ય એ તો હસ્યો જનાઝામાંથી
મિલકત વહેંચવાની સઘળી પડાપડી છે

*

ઈન્સાફ

ઈન્સાફની છે માંગ નકારી નહીં શકો
જુલ્મો સિતમથી એને દબાવી નહીં શકો
કહી દો'સિરાજ' જુલ્મની સીમા તો હોય છેજ
કુદરતના કોપ ને કદી જીરવી નહીં શકો

‘ *from Siraj Patel Paguthanvi to Poet friends living in England*

ગમે તેવી દશા હો પણ જીવન હસતાં વીતાવીશું

હસાવે પેટ પકડીને હઝલ એવી સુણાવીશું
તમે જો દાદ આપો તો ગરમ મેહફિલને રાખીશું

‘કદમ’ ના શેર થી રંગત અનેરી અહીં જમાવીશું
‘મહેક’ ની શાયરીમાં વાત સંતો ની જણાવીશું

‘અદમ’ ની અવનવી ‘ગુજલીશ’ ગઝલથી રંગ લાવીશું
હઝલ ‘સુફી’ ની વાંચી, પેટ પકડીને હસાવીશું

નથી બોતલની આદત ‘બાટલી’ ના શાયરોને પણ
કહે છે સ્ટેજ પર આવી નશામાં સૌને લાવીશું

‘લઘુ–ગુજરાત’ના ‘બદનામ’ છે ‘બેદાર’ ને ’ધિરેન’
‘દિલીપ ગજજર’ કહે, આજે અમે ડંકો વગાડીશું

અને બ્લેકબર્નના શાયર તો, ઘણા ઉત્સાહથી કહે છે
અમે સાથે મળીને હોલ આખો ધમધમાવીશું

‘કવિ હારૂન’ કહે છે કે, રહો સબ બા–ખબર હુશીયાર
ગઝલ દવારા, હકીકતમાં. હકીકત સામે લાવીશું

કોઈ સમજે કે ના સમજે, ‘પથિક’ સમજાવતા રહીશું
નિભાવ્યા છે અમે સંબંધ, હજુ તેને નિભાવીશું

છે લીડર કોમના અહીં કોણ? સમજાતું **નથી ‘સિરાજ’**
ન હોય જયાં એકડો, મીંડાની શું કિંમત લગાવીશું

મીક્ષીંગ–Mixing

હોય ઉતરેલી છતાં એ તો મજાથી ખાય છે
ભડદાં જેવી કેરીઓ ઇંગ્લાંડ માં વેચાય છે

વટ મારવામાં એ નથી જોતો કે શું ભેલાય છે
જેટલો ચાલે છે ઉંચો એટલો ખરડાય છે

બોમ્બેડક ના નામથી અહીં બુમલા વેચાય છે
'સિરાજ' મીક્ષીંગ જોઇ લો સી–ફુડમાં પણ થાય છે

શાકભાજી છોકરૂં ખાતું નથી

વાત સીધી, હોય સાચી, પણ સહન થાતું નથી
માથે છાણાં થાપતાં પણ કોઈ અચકાતું નથી

કોમના વિખવાદનું તો મૂળ પકડાતું નથી
એક–બીજાથી, એક–બીજાનું, વેણ વેઠાતું નથી

ચડસા–ચડસી ને વળી છે તારી–મારી એટલી
એક બીજાની કાઢવામાં કોઈ ખચકાતું નથી

વાસી ખાવાની પ્રથા એવી પ્રચલિત થઈ ગઈ
દેશની જેમ, રોજ તાજું, અહીં તો રંધાતું નથી

'જંક ફુડ' ખાવાની આદત પણ વધી રહી છે અહીં
એટલે ખીચડી કઢી ને શાકભાજી છોકરૂં ખાતું નથી

મંથન

જખમ લાખો દિલના બતાવી શકું છું
હું લોહીનાં અશ્રુ વહાવી શકું છું

કરૂં આહ દિલથી તો દુનિયાના લોકો
હું આખા જગતને રડાવી શકું છું

ખબર છે મને મારી કમજોરીઓની
હું પોતે જ તમને જણાવી શકું છું

સબંધોના પુષ્પો બિછાવીને અંતે
હું સેહરાને ગુલ્શન બનાવી શકું છું

સમસ્યાથી ભરપૂર જીવનસફરને
હું સુખમય ને રસમય બનાવી શકું છું

કરી લઉં જો નિર્ણય નથી વાત મોટી
હું દિવસ માં તારા ગણાવી શકું છું

સ્નેહ – સંબંધ

સ્નેહ – સંબંધ જાળવી રાખો હવે
દંભ છોડો દિલ નરમ રાખો હવે
ઠોકરો છે જિંદગીની રાહમાં
ફૂંકી ફૂંકી ને કદમ રાખો હવે

રસ્તા ઉપર આવવાનું નામ

આપો હવે નવું જ, કશું જીવવાનું નામ
જીવન ને સ્વપ્ન, મૃત્યુ સપન, તુટવાનું નામ

ભટકેલા અંતે, આવી રહે છે મુકામ પર
ઠોકર ને આપો, રસ્તા ઉપર આવવાનું નામ

પામી ગયો છું તેમની, નજરોથી દિલની વાત
'સિરાઝ' ચૂપ, લઈશ ના હવે બોલવાનું નામ

કોમનો ઉધ્ધાર ચાહું છું

અગર આપી શકો તો આપનો સહકાર ચાહું છું
અહીંના શુષ્ક જીવનમાં તમારો પ્યાર ચાહું છું
હું જાણું છું ગમે તેવી છતાં આ કોમ મારી છે
મળે ગાળો છતાં પણ કોમનો ઉધ્ધાર ચાહું છું

Gujarati Language and our New Generation
ગુજરાતી ભાષા અને આપણી નવી પેઢી

" *food for thought" by :*-Siraj Patel Paguthanvi

'ગુજરાતી ભાષા અને નવી પેઢી' એ વિષયની રૂપરેખા માટે – મેં બ્રિટન, અમેરિકા, આફ્રિકન દેશો અને પાકિસ્તાનમાં ગુજરાતી વસાહતોનો આરમ્ભ, પ્રથમ પેઢીમાં ગુજરાતી ભાષા, બીજી–ત્રીજી પેઢી અને વર્તમાન સ્થિતિ, ગુજરાતી ભાષાને જાળવવાની સમસ્યા તથા શકય ઉકેલ ––

આટલા મુદ્દાઓની ટૂંકમાં ચર્ચા કરી છે. સમયમર્યાદાને કારણે ઐતિહાસિક વિગતો આપવાનું શકય નથી.

મારા આ પેપરની શરૂઆત હું નામાંકિત શાયર **'ગની દહીંવાલા '** ના એક શૅરથી કરૂં છું –

' શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને
રસ્તો ભુલી ગયો તો, દિશાઓ ફરી ગઈ '

લગભગ છેલ્લા બે દાયકાથી એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે ગુજરાતીઓ સ્વયં પોતે પોતાની માતૃભાષા ગુજરાતી સાથે ઓરમાયું વર્તન દાખવી રહ્યા છે. બાપદાદા તરફથી વારસામાં મળેલી ભાષાને આપણે જ **"શું શા પૈસા ચાર"** સમજીને જાણે તિલાંજલી આપી રહ્યા હોય એવી ઝલક ચારે તરફ જયાં જયાં ગુજરાતીઓ વસે છે ત્યાં દ્રષ્ટિગોચર થઈ રહી છે. બ્રિટન હોય, અમેરિકા હોય, પાકિસ્તાન કે ભારત હોય કે પછી સાઉથ આફ્રિકા કે રીયુનિયન હોય – ચારે તરફ અંગ્રેજીનો ક્રેઝ [craze] શરૂ થઈ ગયો છે. અંગ્રેજી ભાષા અને **વેસ્ટર્ન કલ્ચરનો અભરખો** એટલું જોર પકડી રહ્યો છે કે **આપણી ભાષા, આપણે કોણ છીએ, આપણા બાપદાદા કોણ હતા, આપણી સંસ્કૃતિ –વગેરે દરેક બાબતો પ્રત્યે આપણે આંખ આડા કાન કરી રહ્યા છીએ.**

ઘણી વ્યકિતઓના મનમાં પ્રશ્ન ઉપસ્થિત થશે કે... **શું અંગ્રેજી ભાષા ન શીખવી જોઈએ?** અથવા **અંગ્રેજી ભાષા શીખવી શું કોઈ ગુનોહ છે?**

આ બેઉ પ્રશ્નનો જવાબ તદદન સરળ છે. **અંગ્રેજી ભાષા શીખવી કોઈ જ ગુનોહ નથી** –બલ્કે સાયન્સ, ટેકનોલોજી અને કમ્પ્યુટરના વર્તમાન યુગમાં અંગ્રેજી ભાષા શીખવી દરેક માટે અનિવાર્ય બની ગઈ છે. અંગ્રેજીનો ઈન્ટરનેશનલ એટલે કે આંતરરાષ્ટ્રિય ભાષા તરીકે લગભગ સ્વીકાર થઈ ચુકયો છે અને એ કારણથી આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે એ ભાષા વગર વેપાર– વાણીજય, દેશ–વિદેશના કરારોની આપ–લે વગેરે શકય નથી.

અહીં પ્રશ્ન અંગ્રેજી ભાષા શીખવા કે ન શીખવાનો નથી ! ! ! !
–ઠંડા દિલથી વિચારવા જેવી બાબત એ છે કે **આપણે આપણી જ ભાષા ગુજરાતીને શા માટે ભુલાવી દેવી જોઈએ ?**

યાદ રાખો કે ભાષા અને સંસ્કૃતિનો એકબીજા સાથે ગાઢો સંબંધ હોવાના કારણે જો ભાષા ભુલાઈ જશે તો આપણી, આપણા સમાજની, કુટુંબની, તેહઝીબ–તમદદુન – સંસ્કૃતિ અને સારા રીત–રિવાજો ભસ્મીભૂત થઈ જશે. આપણે **"ઘરના પણ નહીં રહીએ અને ઘાટના પણ નહીં રહીએ" ! !**

અંગ્રેજી ભાષાના ક્રેઝ ના આર્શીવાદ રૂપ બ્રિટન, અમેરિકા અને મહદઅંશે ભારતમાં ગુજરાતી યુવા પેઢી વેસ્ટર્ન કલ્ચરનું કઈ રીતે અનુકરણ કરી રહી છે તે મારા આ કથનના જીવતા જાગતા દાખલાની પ્રતિતી કરાવે છે. બ્રિટન અને અમેરિકાની ગુજરાતી યુવા પેઢીને તુ અને તમે શબ્દની કોઈ તમીઝ રહી નથી કારણકે તેમના મા–બાપ અથવા તો સમાજના કહેવાતા લીડરો કે જેમાંના અર્ધા ઉપરાંત અર્ધ શિક્ષિત છે અથવા બીલ્કુલ અભણ છે **તેમને સંસ્કૃતિ અને ભાષાના પરસ્પર સંબંધની ગેહરાઈ ની જાણ જ નથી.** તેમને એ ખબર જ નથી કે અંગ્રેજીમાં તું અને તમે માટે બે જુદા જુદા શબ્દો અસ્તિત્વ ધરાવતા નથી.

કહેવાનો અર્થ એ છે કે આપણી ભાષા ગુજરાતી અને ઉર્દુ દવારા માન–મર્યાદાના જે સંસ્કારો પ્રદર્શિત થાય છે તે અંગ્રેજી ભાષામાં પ્રદર્શિત થઈ શકતા નથી. મોટી ઉંમરની વ્યકિત સાથે વાતચીત કરનાર નાની વયની વ્યકિતએ માન–મર્યાદાની દ્રષ્ટિએ હંમેશાં આપણા સંસ્કાર અનુસાર તમે–અમે શબ્દનો ઉપયોગ કરવો પડે છે. તું કે તા નું સંબોધન તોછડાઈ આલેખવામાં આવે છે.

ઈતિહાસ તરફ નજર કરીએ તો ગુજરાતી ભાષાનું જન્મસ્થળ ભારતનું ગુજરાત રાજય ગણી શકાય જેમાં ગુજરાત, સોરાષ્ટ્ર એટલે કાઠિયાવાડ, કચ્છ અને રાજસ્થાનનો પણ ભાષાકિય રીતે સમાવેશ કરી શકાય. ગુજરાતનાં શહેરો સુરત, ભરૂચ અને અમદાવાદ વેપાર–વાણીજય માટે દુનિયા સાથે સંકળાએલા હોવાને લઈને ગુજરાતીઓની દરિયાપારના દેશો સાથે લેવડ–દેવડ હતી. સુરત અને ભરૂચ બંદરે દુરદેશાવરના વહાણો લંગરતાં અને આંતરરાષ્ટ્રિય સ્તરે અમદાવાદની પ્રતિષ્ઠા એની કાપડની મિલોના લીધે લેખાતી.

વખતના વહેણ સાથે ગુજરાતી કોમ જેમાં હિન્દુ અને મુસ્લિમ બંનેવ કમ્યુનીટીનો સમાવેશ થાય છે તેમનું દરિયાપારના દેશોમાં વેપાર અને નોકરી અર્થે સ્થળાંતર થયું. હિન્દુઓમાં વાણિયા, પાટીદાર પટેલ, કચ્છી અને કાઠિયાવાડી વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાતી મુસ્લિમોમાં ભરૂચી વહોરા પટેલ ઉર્ફે કાનમીયા, સુરતી સુન્ની વહોરા, મેમણ બીરાદરો, કચ્છી મુસ્લિમ કમ્યુનીટી, દાઉદી વહોરા(શીઆકમ્યુનીટી), ઈસ્માઈલી અને ઈશ્નાઆરીખોજા બીરાદરી વગેરેનો સમાવેશ થાય છે.

Migration to African Countries —

શરૂઆતના તબકકે ઉપરોક્ત દર્શાવેલ દરેક તબકકાના ગુજરાતીઓનું ખાસ કરીને આફ્રિકાના દેશોમાં સ્થળાંતર થયું અને [immigrants] વસાહતીઓ તરીકે હિન્દુ અને મુસ્લિમ સમાજ ત્યાં અસ્તિત્વમાં આવ્યો. આ બંન્નેવ કોમનું સારામાં સારૂં પાસુ એ હતું કે તેમણે માતૃભાષા ગુજરાતી અને પોતાનું કલ્ચર અને ધાર્મિક ભાવનાઓ જાળવી રાખી. પરિણામ એ આવ્યું કે તેમની બીજી, ત્રીજી અને ચોથી પેઢીમાં પણ આ દરેક બાબતો અકબંધ રહી. આમાં સાઉથ આફ્રિકા અને રીયુનીયન ને કદાચ અપવાદરૂપ ગણી શકાય–

Migration to Pakistan —

પાકિસ્તાનમાં સિંધના અમુક શહેરોમાં ગુજરાતીઓનો વસવાટ હતો પરંતુ મોટા પાયા પર મુસ્લિમ ગુજરાતી સમાજના મંડાણ પાકિસ્તાનમાં ૧૯૪૭–૪૮ દરમ્યાન થયા એમ કહી શકાય. અને નિષ્ણાતોનું માનવું એવું છે કે પાકિસ્તાન વજુદમાં આવ્યા પછી શરૂઆતના તબકકે આ મુસ્લિમ ગુજરાતી મુહાજિરોના પ્રતાપે જ પાકિસ્તાનનુ આર્થિક તંત્ર સબળ રહ્યું અને કરાંચી ફાઈનન્સીઅલ કેપીટલ ગણાવા લાગ્યું.
એટલું જ નહીં, સીવીલ સર્વીસ વિભાગને સ્થાયી કરવામાં પણ શિક્ષિત મુસ્લિમ ગુજરાતીઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આજે તો પાકિસ્તાનમાં સ્થાયી થયેલા મુસ્લિમ ગુજરાતી વસાહતીઓની આ ત્રીજી કે ચોથી પેઢી ચાલી રહી છે એટલે એમને મુહાજિર ગણવા કે કહેવા કરતાં પાકિસ્તાની ગુજરાતી મુસ્લિમ બીરદાવવા વધુ યોગ્ય લેખાશે. એમના બાપ–દાદાઓએ પાકિસ્તાનને શું નથી આપ્યું ?

પાકિસ્તાનમાં ગુજરાતી ભાષા બોલનાર કોમોમાં પારસી તેમજ હિન્દુઓ પણ વસવાટ કરી રહ્યા છે પરંતુ તેમની સંખ્યા ગુજરાતી મુસ્લિમોના પ્રમાણમાં નહીંવત જેવી છે.
અને આ ત્રણેય કોમને એટલી શાબાશી તો આપવી જ પડે કે આફ્રિકામા સ્થાયી થયેલા ગુજરાતીઓની જેમ એમણે પણ પોતાની માતૃભાષા, પોતાના સારા રીતરીવાજો સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓ મહદ અંશે જાળવી રાખી છે.

Migration to Britain —

બ્રિટનમાં ગુજરાતી વસાહતીઓનું આગમન

૧૯૬૦ના ગાળામાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો બ્રિટન આવવા લાગ્યા. બ્રિટનની કાપડની મિલોમાં કામદારોની જરૂર હતી. એટલે આરંભે આવનાર વસાહતીઓ ‘ઈકોનોમિક માઈગ્રન્ટ‘ [economic migrant] હતા.તેમાંના મોટાભાગના અર્ધશિક્ષિત કે અભણ હતા.તેઓ બ્લેકબર્ન, બોલ્ટન, બાટલી, ડયુઝબરી જેવા ‘કોટન ટાઉન્સ‘ સ્થાયી થયા.

૧૯૬૦થી ૧૯૮૦ ના તબક્કામાં જે લોકો બ્રિટન આવ્યા તેમને અંગ્રેજીની મુશ્કેલી હતી. તેઓ વ્યવહારમાં એકબીજા સાથે ગુજરાતી ભાષાનો જ ઉપયોગ કરતા. તેમને માતૃભાષા પ્રત્યે પ્રેમ હતો –અને દેશમાં મા–બાપ, ભાઈ–ભાંડુ, સગા–સંબંધીઓ વગેરે સાથે **ગુજરાતીમાંજ પત્રવહેવાર થતો**. હાલમાં છે તેવી ટેલીફૉન કે મૉબાઈલ ફૉન ની સગવડો તે સમયમાં ઉપલબ્ધ ન હતી.

૧૯૭૦થી ૧૯૭૫ના ગાળામાં યુગાન્ડા, કેન્યા, વગેરે આદિ દેશોમાંથી ગુજરાતીઓ મોટી સંખ્યામાં બ્રિટન આવ્યા. તેમાંના ઘણા શિક્ષિત હતા. તેઓ લંડન અને લેસ્ટર જેવાં મોટાં શહેરોમાં વસ્યા. આ દરમ્યાન ગુજરાતમાંથી રોજગાર, લગ્ન, અને કૌટુંબિક કારણે બ્રિટનમાં સ્થળાંતર ચાલુ રહ્યું. હાલ મુસ્લિમ અને હિન્દુ ગુજરાતી વંશની કુલ વસ્તી બ્રિટનમાં અંદાજે સાતેક લાખની છે.

બ્રિટનની પ્રથમ ગુજરાતી પેઢીના લોકોએ પોતાની બીજી પેઢીમાં ગુજરાતી ભાષા સચવાય તે માટે પ્રયત્નો કર્યા. ઘરમાં બાળકો સાથે ગુજરાતી બોલે,ગુજરાતીના વર્ગો ચલાવે, અને એજયુકેશન ડીપાર્ટમેન્ટ તરફથી સ્કૂલોમાં પણ વિદેશી ભાષા તરીકે G.C.S.E.[Generral Certificate of Secondary Education]સુધી ગુજરાતી વિષય દાખલ થયો. પરંતુ આ વિષય ફરજીયાત ન હોવાથી ગુજરાતી વસ્તીના પ્રમાણમાં નહીંવત જેટલાં બાળકોએ જ એનો ઉપયોગ કર્યો. અને એમાં ગુજરાતી મુસ્લિમ બાળકોની સંખ્યા તો આંગળીના વેઢા પર ગણી શકાય તેટલી–
બીજી પેઢીમાં બાળકો ગુજરાતી બોલે ખરાં પણ વાંચવા–લખવા ની મુશ્કેલી. મા–બાપ અને વડીલો સાથે ગુજરાતીમાં બોલે પણ અંદર અંદર એકબીજા સાથે વાતચીતમાં તો અંગ્રેજી નો જ ઉપયોગ કરે.

૧૯૯૧ પછીથી અત્યાર સુધીના તબક્કાને ત્રીજી પેઢીનો તબક્કો ગણીએ તો સહેજે માલુમ પડે છે કે બ્રિટનમાં ગુજરાતી ત્રીજી પેઢીમાં ગુજરાતી ભાષા પ્રત્યે ઝાઝું આકર્ષણ નથી.
આટલું જ નહીં સંસ્કૃતિ અને સંસ્કારોની દ્રષ્ટિએ પણ બધું રેલમછેલ થઈ રહ્યું છે. **આપણા બાળકોમાં વેસ્ટર્ન કલ્ચરની બોલબાલા વધી રહી છે.** મોટા પ્રમાણમાં મા–બાપ અને વડીલો નછુટકે જાણે લાચાર બની ગયા છે. શીખામણની રૂએ કઈં કહેવા જાય તો દીકરો કે દીકરી સામેથી મા–બાપ પર ગુસ્સે થાય અને જો વાત સહેજ વધારે છંછેડાઈ તો ઘર છોડીને સ્વતંત્ર રહેવા ભાગી જાય. ભારત કે પાકિસ્તાનમાં જો આવું બને તો દીકરો કે દીકરી રખડપટટી થી થાકીને સાંજે ઘર ભેગો થાય કારણ કે તેના માટે રોટલા અને ઓટલા, એટલે ખાવા–પીવા અને રહેવાની સગવડ હોતી નથી. બ્રિટનમાં એથી ઉલ્ટું છે, સરકાર ઘરમાંથી ભાગી છુટનારને રહેવાની–ખાવા– પીવાની દરેક સગવડ સરકારના ખર્ચે કરી આપે છે. પરિણામે **છોકરાંઓને એહસાસ થતો જ નથી કે તેના મા–બાપે કેટલા વીસે સો કરીને તેમનો ઉછેર કર્યો હશે.** મા – મધર– ના પગ નીચે જન્નત હોય છે અથવા મા– નો મરતબો કેટલો ઉંચો હોય છે એ વિચાર વેસ્ટર્ન કલ્ચરની બોલબાલા હોય ત્યાં આપણાં છોકરાંઓના મગજમાં કયાંથી આવે.

ગુજરાતી આવડતું હોય તો'શયદા'ની નવલકથા " મા–તે–મા" વાંચેને કે જેના મુખપૃષ્ઠ ઉપર ત્રાજવાના એક પલ્લામા મા છે અને બીજા પલ્લામાં આખી પૃથ્વી, અને તેમાં –મા– નું પલ્લું નમતું બતાવીને એ સંદેશ આપવામાં આવ્યો છે કે મા નો મરતબો [status]..પૃથ્વી કરતાં પણ વધુ ઉંચો છે. ભાષા અને સંસ્કૃતિ ના સંદર્ભમાં યુ.કે.ના હઝલકાર અને અમારા સાથી '**સુફી મનુબરી** ' કહે છે:–

'યુ.કે.માં આ જોવા જેવી Sight છે
બાપ દીકરા વચ્ચે રોજ Fight છે
બાપ છે લેંઘાના જેવો ઢીલો
દીકરો જીન્સ જેવો Tight છે '

–શું આપણી ગુજરાતી યુવા પેઢી આપણી પરંપરાઓ જાળવી રાખશે ?
–આપણી સંસ્કૃતિ [culture] અને આપણા સુઘડ સંસ્કારો પશ્ચિમી સંસ્કૃતિ અર્થાત વેસ્ટર્ન કલ્ચરની ભીંસમાં રગદોળાય નહીં જાય ?

–શું આજની તારીખે ગુજરાતીભાષા પ્રત્યે તેમને તેટલો જ પ્રેમ છે જેટલો તેમના બાપદાદાઓને હતો ?

–શું આપણી ગુજરાતી યુવા પેઢી સમજે છે કે ભાષા અને કલ્ચરને ખુબ ગાઢો સંબંધ છે ?

ઈન્ટરનેશનલ ટી.વી. ચેનલો યુવા પેઢીને લુભાવવા શિષ્ટાચારથી હટીને કેવા કેવા બિભત્સ પ્રોગ્રામો પ્રસારીત કરી રહી છે એ દરેક બાબત આપણી સમક્ષ ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત કરી રહી છે ! ૨૧મી સદીના વર્તમાન કાળમાં આપણી સામે જે થઈ રહ્યું છે, આપણે જે જોઈ રહ્યા છે, વોશિંગ્ટન–અમેરિકા ની શંશોધક સંસ્થાના અહેવાલ મુજબ ૨૧ મી સદીના અંત સુધી માં વિશ્ર્વની કુલ ૬૮૦૦ ભાષાઓમાંથી ૯૦ ટકા ભાષાઓ નાબુદ થઈ જશે. એટલે બ્રિટનમાં ભષ્યિમાં ગુજરાતી ભાષા ને જાળવી રાખવાનું મુશ્કેલ છે.

હાલ યુ.કે.માં અદમ ટંકારવી, દિપક બારડોલીકર, મહેક ટંકારવી, કદમ ટંકારવી, પંકજ વોરા ડો.જગદીશ દવે વગેરે ખ્યાતનામ સાહિત્યકારો છે. કાવ્યસંગ્રહો તથા વાર્તાસંગ્રહો પ્રગટ થાય છે અને ગુજરાતી મુશાયરાઓ પણ યોજાય છે. પરંતુ આ બધામાં નવી પેઢીને રસ નથી. તેઓ માતૃભાષાની જેમ અંગ્રેજીનો ઉપયોગ કરે છે. તેમને પ્રત્યાયન માટે ગુજરાતીની આવશ્યકતા લાગતી નથી.
બ્રિટનમાં ગુજરાતી બોલવા – વાંચવા–અને લખવાનું શીખવા જે સમસ્યાઓ છે તે આ પ્રમાણે છે:–
ગુજરાતી સાહિત્ય અકાદમી યુ.કે. નું સુત્ર છે 'ગુજરાતી બોલીએ, ગુજરાતી વાંચીએ, ગુજરાતી લખીએ ' પણ નવી પેઢી માટે આ મુશ્કેલ થતું જાય છે.

૧. નવી પેઢી માં **ગુજરાતી શીખવા માટે નું** MOTIVATION નથી. એમને વિશ્વભાષા અંગ્રેજી માં વધારે રસ છે/આવડે છે તેથી ગુજરાતી ની જરૂર જણાતી નથી–

૨. પ્રથમ પેઢીનાં મા–બાપ બાળકો સાથે વાતચીત ગુજરાતીમાં કરતાં પરંતુ બીજી પેઢીનાં **મા–બાપ પોતાનાં બાળકો સાથે અંગ્રેજી બોલે છે તેથી બાળકોને ગુજરાતી શીખવાનું મળતું નથી–**

૩. **ઘણી એશિયન સ્કૂલોમાં પણ ગુજરાતી વિષય શીખવાતો નથી–**

૪. ગુજરાતી સારી રીતે પધ્ધતિસર શીખવી શકે એવા તાલીમબધ્ધ શિક્ષકોનો અભાવ છે

૫. બ્રિટનની શિક્ષણપ્રથાને અનુરૂપ ગુજરાતી શીખવા માટેની સામગ્રી નથી – જેમકે ઓડિયો–વિડિયો કેસેટો અથવા કમ્પ્યુટર પર ગુજરાતી શીખવા માટેના પ્રોગ્રામ–

બ્રિટનમા ભવિષ્યમાં ગુજરાતી ભાષા ટકાવી રાખવા નીચે મુજબનાં સૂચનો પ્રસ્તુત છેઃ–

૧. બ્રિટનની સરકાર ગુજરાતી ભાષાના વિકાસ માટે અનુદાન– ગ્રાન્ટ [Grant]આપે છે અને શાળાઓના અભ્યાસક્રમમાં ગુજરાતી વિષયનો સમાવેશ છે, પણ મા–બાપ અને બાળકોને એમાં રસ નથી તો **અહીંની ગુજરાતી સંસ્થાઓએ અભિયાન ચલાવી જાગૃતિ – awarness વધારવી જોઈએ**

૨. લોકોને સમજાવવું જોઈએ કે **આપણી ભાષા ટકશે તોજ આપણી સંસ્કૃતિ Culture– જળવાશે.**

૩. સરકારી અનુદાન–Grant–નો લાભ લઈ કોમ્યુનિટી સેન્ટરોમાં ગુજરાતીના વર્ગો ચલાવવા.

૪. બાળકો જી.સી.એસ.ઈ.માં–General Certificate of Secondary Education–**ગુજરાતીનો વિષય પણ શીખે એ માટે મા–બાપને ખાસ** અને તેમના થકી બાળકોને પ્રોત્સાહિત કરવા [motivation & encouragement]

૫. બાળકોને રસ પડે એવી શિક્ષણ સામગ્રી અને તેમને રસ પડે એવી નાની નાની વાર્તાઓના પુસ્તકો તૈયાર કરવાં.

૬. ૨૧મી સદી એટલે વર્તમાન સમયમાં દુનિયામા કમ્પ્યુટર ટેકનોલોજી અને સેટેલાઇટ ટી.વી. દવારા થઈ રહેલા ફેરફારોને દયાનમાં લઈ **ગુજરાતીના શિક્ષકો માટે તાલીમની વ્યવસ્થા કરવી.**

૭. **ચર્ચાસભા** [discussion/conference] **વક્તૃત્વ સ્પર્ધા** [debating sessions for & against learning Gujarati]કાવ્ય વાચન –મુશાયરા–કવિ સંમેલન, નાટક, બાળકો માટેનું સરળ ભાષામાં ગુજરાતી સામાયિક જેવી પ્રવૃત્તિઓ દવારા **ગુજરાતી ભાષા માટેનું વાતાવરણ તૈયાર કરવું.**

Gujarati Language and Our New Generation વિષય પર **આ પેપર પ્રસ્તુત કરવા પાછળનો મારો મુખ્ય આશય** ભારત, પકિસ્તાન, બ્રિટન,અમેરિકા, આફ્રિકા અને દુનિયાના બીજા **જે જે દેશોમાં ગુજરાતીઓ વસે છે તેમનામાં ચર્ચા** જગાવવાનો **છે.** જો નવી પેઢીના હિતને લગતા **આ વિષય પર કોમમાં ચર્ચા શરૂ થશે તો આપણી ભાષા, આપણું કલ્ચર, આપણા સારા સંસ્કારો અને ધાર્મિક પરંપરાઓ જાળવી રાખવાનો આપણે કોઈ ઉકેલ શોધી શકીશું.**

સમસ્ત ગુજરાતી કોમ આમાં સક્રિય ભાગ ભજવશે એ આશા સાથે–

સિરાજ પટેલ પગુથનવી
Bolton – UK
August 2008

લેસ્ટર–યુ.કે. ૧૯૮૩
નર્મદ શતાબ્દી ઉજવણી પ્રસંગે
ગુજરાતી સાહિત્ય અકાદમીના મહા–મંત્રી વિપૂલ કલ્યાણી,સિરાજ પટેલ પગુથનવીને પરિતોષક અર્પણ કરી રહ્યા છે

પ્રોડયુસર–પ્રેજન્ટર સિરાજ પટેલ દવારા રેડિઓ બોલટન પરથી ગુજરાતી મુશાયરાનું પ્રસારણ
from L to R: સિરાજ પટેલ, આદિલ મનસુરી(USA), હારૂન પટેલ, મહેક ટંકારવી –1995

Siraz Patel with visitors — BBC Radio Lancashire STUDIO

Siraj Patel "Pguthanvi" & Aziz Tankarvi
Discussing "MEHFIL" programme format --
BBC Radio Lancashire -UK

સુપ્રસિધ્ધ કવિ,લેખક,પત્રકાર,અમદવાદથી પ્રગટ થતા ‘ગુજરાત ટુડે ‘ દૈનિકના તંત્રી અઝીઝ ટંકારવી
બી.બી.સી. રેડિયો–લેન્કેશાયરના સ્ટુડિયો રૂમમાં, પ્રોડયુસર–પ્રેઝન્ટર સિરાજ પટેલ ‘પગુથનવી‘ સાથે.

સહેજ સરખું ગુલાબછાયું સ્મિત મળે તો
હિલ્લોળાતા સાત સમંદર જાવ લખી દઉં

અઝીઝ ટંકારવી (Photo-1984)

Siraj Patel "Pguthanvi" & Aziz Tankarvi
BBC programme "MEHFIL" on the Air

We are pleased to announce that the Book
"From London With Love"
has been printed by Hot Print Design

Siraj Patel "Paguthanvi " from BBC talking to Bollywood Stars
Ravina Tundon, Sanjay Dutt & Firoz Khan
Discussion centred around how Siraj Patel would introduce them on the stage at the premier of Film YALGAR at Manchester -United Kingdom

Siraj Patel Paguthanvi B.A.
Secretary Gujarati Writers' Guild – UK

પ્રેમ નૌકા, પ્રેમ સુકાની, પ્રેમ સાગર, પ્રેમ કિનારો
પ્રેમ પર સૃષ્ટિનો પાયો, પ્રેમ ઈશ્વરને પ્યારો
પ્રેમ કુદરતનું સૌંદર્ય પ્રેમ જાણે મોજો ની ધારો
'સિરાજ' હોય શકે શું ! પારો એને માપનારો

Gujarati/English Bilingual Mushaira organised by Gujarati Writers' Guild UK
at Muslim Community Centre Hall, Bolton, UK - Saturday 23 June 2007
Guild's Secretary Siraj Patel "Paguthanvi" giving flowers to VIP's

L to R: Khalil Dhantejvi (Baroda-India) Siraj Patel Paguthanvi (With Flowers)
I. Esa – Mr. Ronson – Mayor Cllr. Mrs. Barbra Ronson – Yasmin Umerji